Wednesday, 29 April 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ટોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૧૫ ● સંવત-૨૦૮૨ વૈશાખ સુદ તેરસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના નેતૃત્વમાં

દમણમાં યોજાઈ ભવ્ય 'જન આક્રોશ મહિલા મશાલ પદયાત્રા'

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહિલાઓના સર્વાંગી વિકાસ, સશક્તિકરણ અને રાજકીય ભાગીદારી વધારવા માટે સતત ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે જેમાં 'નારી શક્તિ વંદન અધિનિયમ' દેશની મહિલાઓને સશક્ત બનાવવાના દિશામાં એક ક્રાંતિકારી પગલું છેઃ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષા નિશાબેન ભવર

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૮

દેશની સંસદમાં મહિલાઓને ૩૩% આરક્ષણ આપવા માટે કેન્દ્રની મોદીની સરકાર દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવેલ 'નારી શક્તિ વંદન અધિનિયમ'ને કોંગ્રેસ તથા તેના સાથી પક્ષો દ્વારા પાસ ન થવા દેવાના પ્રયાસો અને તેમના મહિલા વિરોધી વલણના વિરોધમાં દાદરા નગર હવેલી અને દમણ દીવ પ્રદેશ ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા આજે દમણ શહેરમાં ભવ્ય 'જન આક્રોશ મહિલા મશાલ પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપ મહિલા મોર્ચાની અધ્યક્ષા શ્રીમતી નિશાબેન ભવરની અધ્યક્ષતામાં આયોજીત આ મહિલા મશાલ પદયાત્રામાં દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભારતીય જનતા પાર્ટી અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પદયાત્રામાં મોટી સંખ્યામાં ભાજપના મહિલા કાર્યકરો અને આગેવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન મહિલાઓના સશક્તિકરણ, સમાન હક્કો અને રાજકારણમાં મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા માટેના સંકલ્પ સાથે ભાજપ સરકારના પ્રયાસોને જન સમર્થન આપવામાં આવ્યું હતું. દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી નિશાબેન ભવરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ મહિલાઓના સર્વાંગી વિકાસ, સશક્તિકરણ અને રાજકીય ભાગીદારી વધારવા માટે સતત ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. જેમાં 'નારી શક્તિ વંદન અધિનિયમ' દેશની મહિલાઓને સશક્ત બનાવવાના દિશામાં એક ક્રાંતિકારી પગલું છે.

પદયાત્રાના અંતે પ્રદેશ ભાજપની મહિલાઓએ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોના મહિલા વિરોધી વલણની નિંદા વ્યક્ત કરી હતી અને મહિલાઓના અધિકારો માટે સતત સંઘર્ષ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આજે યોજાયેલી 'જન આક્રોશ મહિલા મશાલ પદયાત્રા'માં દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, દમણ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, દમણ નગરપાલિકા અધ્યક્ષા શ્રીમતી દીપિકાબેન ટંડેલ, દમણ જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી રૂક્ષ્મણીબેન ભાનુશાળી, ભાજપા વરિષ્ઠ મહિલા નેતા શ્રીમતી તરુણાબેન પટેલ, સરપંચ બહેનો, દમણ જિલ્લાં પંચાયતના સભ્યો તેમજ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા આરક્ષણનું લક્ષ્ય હું પૂરૂં કરીને જ રહીશઃ 'નારી વંદન સંમેલન'માં પ્રધાનમંત્રી મોદીનો હૂંકાર

વારાણસીમાં 'નારી શક્તિ વંદન સંમેલન' યોજાયુંઃ લોકસભા અને વિધાનસભાઓમાં મહિલા અનામતનો અમલ કરાવવાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું મુખ્ય લક્ષ્ય

(સંપૂર્ણ સમાચાર સેવા)
વારાણસી,તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં 'નારી શક્તિ વંદન સંમેલન' દરમિયાન કાશી અને દેશને આશરે રૂા.૬,૩૫૦ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની ભેટ આપી છે.

- (વધુ પાના નં. ૨ પર)

સુવિચાર - સદ્‌વિચાર

સમયસર કરેલું કાર્ય ચિંતા દૂર કરી દે છે.

કવિતા-ભજન-પદ-ગરબા

ગુરુ, આવો પ્રેમે કરું પૂજા રે...

ગુરુ, આવો પ્રેમે કરું પૂજા રે.
મારે તમથી રે, મારે તમથી અધિક દેવ નહિ દૂજા રે... ગુરુ...
મેં તો પ્રેમે પુષ્પહાર ગૂંથ્યો રે, માંહે મન-મોગરો ખૂબ મૂક્યો રે,
તત્ત્વ તિલક રે, તત્ત્વ તિલક હું તો નથી ચૂક્યો રે... ગુરુ...
ગુરુ! ચૂક હમારી ક્ષમા કરો રે, હું તો ધ્યાન તમારું ધરી રહ્યો રે,
ગુરુજી, અખૂટ રે-ગુરુજી, અખૂટ ભંડાર મારા ભર્યા રે... ગુરુ...
ગુરુ ચાર વેદની બોલ્યા વાણી રે, તેમાંથી અક્ષર લીધો જાણી રે,
ગુરુના મુખમાં રે-ગુરુના વચનમાં સુરતા સમાણી રે... ગુરુ...
કહે ગણપતના શિષ્ય'ગંગાદાસ'રે, મારે ગુરુચરણની છે આશ રે...
મને રાખો રે, મને રાખો ચરણની પાસ રે... ગુરુ...

- ગંગાદાસ મહારાજ

આજની જોક

ભિખારી અને વૃદ્ધ સ્ત્રી
ભિખારીઃ માતાજી, મેં ચાર દિવસથી કંઈ ખાધું નથી.
વૃદ્ધ સ્ત્રી (૫૦૦ રૂપિયાની નોટ કાઢીને કહ્યું)
શું તમારી પાસે ૪૦૦ રૂપિયાના બદલામાં છે?
ભિખારીઃ હા, મારી પાસે છે...
વૃદ્ધ સ્ત્રીઃ તો પછી તેમાંથી કંઈક લઈને ખાઈલે.

કબીર વાણી

મોકો કહાં ઢૂંઢે બંદે, મેં તો તેરે પાસ મેં ।
ના મંદિર મેં, ના મસ્જિદ મેં, ના કાબા કૈલાસ મેં ॥

- અર્થાત-

અર્થ : ભગવાન કહે છે કે હે મનુષ્ય, તું મને ક્યાં શોધે છે? હું તો તારી નજીક જ છું. હું કોઈ મંદિર, મસ્જિદ કે કાબા-કૈલાસમાં નથી, હું તો તારા હૃદયમાં છું.

આજનો દિન વિશેષ

રાજા રવિ વર્મા

રાજા રવિ વર્મા (૨૯ એપ્રિલ ૧૮૪૮ - ૨ ઓક્ટોબર ૧૯૦૬) એક ભારતીય ચિત્રકાર અને કલાકાર હતા. તેમની કૃતિઓ કેવળ ભારતીય સંવેદના અને પ્રતિમાશાસ્ત્ર સાથે યુરોપીયન શૈક્ષણિક કલાના સંમિશ્રણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ખાસ કરીને, તેઓ તેમના ચિત્રોના સસ્તું લિથોગ્રાફસ લોકો માટે ઉપલબ્ધ કરાવવા માટે જાણીતા હતા, જેણે ચિત્રકાર અને જાહેર વ્યક્તિ તરીકે તેમની પહોંચ અને પ્રભાવને ઘણો વધાર્યો હતો. તેમના લિથોગ્રાફસે સામાન્ય લોકોમાં લલિત કળા અને વ્યાખ્યાયિત કલાત્મક રુચિઓ સાથે સામાન્ય લોકોની સંડોવણીમાં વધારો કર્યો. વધુમાં, તેમના હિંદુ દેવી-દેવતાઓના ધાર્મિક નિરૂપણ અને ભારતીય મહાકાવ્ય અને પુરાણોની કૃતિઓને ખૂબ વખાણવામાં આવ્યા છે. તે મલપ્પુરમ જિલ્લાના પૂર્વના પરપ્પનાદના રાજવી પરિવારનો ભાગ હતો.

રાજા રવિ વર્મા ભારતના હાલના કેરળ રાજ્યના ત્રાવણકોરના રાજવી પરિવાર સાથે ગાઢ સંબંધ ધરાવતા હતા. તેમના જીવનમાં પાછળથી, તેમની બે પૌત્રીઓને શાહી પરિવારમાં દત્તક લેવામાં આવી હતી, અને તેમના વંશજોમાં તાજેતરના ત્રણ મહારાજાઓ (બલરામ વર્મા III, માર્તંડા વર્મા III અને રામ વર્મા VII) સહિત ત્રાવણકોરના વર્તમાન શાહી પરિવારનો સમાવેશ થાય છે.

બ્યુટી ટીપ્સ : ઇન્ટરવ્યુ ડ્રેસીંગ સેન્સ

ઈન્ટરવ્યૂ માટે પોશાક પહેરવો એ વ્યાવસાયિકતા, આત્મવિશ્વાસ અને કંપની પ્રત્યે આદર દર્શાવવા વિશે છે.

૧. શરીરના પ્રકાર અને ફિટના આધારે ડ્રેસિંગ સેન્સ : સ્ટ્રક્ચર્ડ/ટેઈલર્ડ બ્લેઝર અને ટ્રાઉઝર પસંદ કરો જે ચુસ્ત ન હોય તે રીતે તમારા આકારને વ્યાખ્યાયિત કરે.

૨. સામાન્ય ઈન્ટરવ્યૂ પોશાક ટિપ્સ (ઉદ્યોગ દ્વારા) : વ્યવસાયિક ઔપચારિક (નાણાકીય, કાયદો, બેંકિંગ) ઘેરો, સારી રીતે તૈયાર કરેલો સૂટ (કાળો, નેવી, અથવા ગ્રે) સફેદ અથવા હળવા રંગનો શર્ટ સાથે. બિઝનેસ કેઝ્યુઅલ (શિક્ષણ, માર્કેટિંગ, જનરલ ઓફિસ) તૈયાર કરેલા ટ્રાઉઝર, સ્માર્ટ બ્લાઉઝ અથવા સાધારણ ડ્રેસ સાથે બ્લેઝર. ચિનો સાથે કોલર્ડ શર્ટ અથવા પોલો પુરુષો માટે યોગ્ય છે.

ભારતીય પરંપરાગતઃ ભારતમાં વ્યાવસાયિક ભૂમિકાઓ માટે સારી રીતે ઇસ્ત્રી કરેલ, સરળ કોટન અથવા લિનન કુર્તા સેટ એક શ્રેષ્ઠ વિકલ્પ છે.

૩. મુખ્ય વિગતો અને માવજત : માવજત ખાતરી કરો કે વાળ સુઘડ છે, નખ સ્વચ્છ અને સુવ્યવસ્થિત છે, અને મેકઅપ ન્યૂનતમ/કુદરતી છે.

જૂતા લોફર્સ, ઓક્સફોર્ડ અથવા લો-હીલ પંપ જેવા સ્વચ્છ, આરામદાયક, બંધ પગવાળા જૂતા પહેરો. એસેસરીઝ ઘરેણાં ઓછામાં ઓછા રાખો (સ્ટડ ઇયરિંગ્સ, એક સાદી ઘડિયાળ).

ઈસ્ત્રી તમારા કપડાં સારી રીતે દબાયેલા અને કરચલીઓ મુક્ત હોવા જોઈએ. વધુ પડતી સુગંધ ભારે પરફ્યુમ અથવા કોલોન ટાળો.

ધ્યાન ભંગ કરતી ફેશનઃ વધુ પડતા તેજસ્વી રંગો, બોલ્ડ પેટર્ન અથવા છતી કરતા કપડાં ટાળો. ચમકતી એસેસરીઝ મોટા ઘરેણાં, ઘોંઘાટીયા બ્રેસલેટ અથવા ખૂબ લાંબા નખ ટાળો.

કેઝ્યુઅલ વસ્ત્રોઃ જીન્સ (ભલે કર્મચારીઓ પહેરે), ટી-શર્ટ, સ્નીકર્સ અથવા સેન્ડલ ટાળો, સિવાય કે સ્પષ્ટ રીતે અન્યથા કહેવામાં આવે.

ગુજરાતની તમામ મહાનગરપાલિકામાં ભગવો લહેરાયો, કોંગ્રેસનો રકાસ

કોંગ્રેસ-આપનો રકાસ (બૂરું પરિણામ) મળ્યું છે, મોટાભાગની મનપામાં વિપક્ષના પણ ફાંફા જોવા મળી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૮

આ પાલિકા-પંચાયતની ચૂંટણી ગુજરાતમાં પહેલાથી અસ્તિત્વ ધરાવતી ૬ અને ગત વર્ષે નવી જાહેર થયેલી ૯ મળીને કુલ ૧૫ જેટલી મહાનગરપાલિકા પર ચૂંટણી યોજાઈ હતી. જેમાંથી મોટા ભાગે ભારતીય જનતા પાર્ટીનો દબદબો જોવા મળી રહ્યો છે. રાજયની તમામ મહાનગરપાલિકાઓમાં ભગવો લહેરાયો છે. તમામ ૧૫ મહાનગરપાલિકામાં ભાજપની ક્લીન સ્વીપ જોવા મળી છે અને કોંગ્રેસ-આપનો રકાસ (બૂરું પરિણામ) મળ્યું છે. મોટાભાગની મનપામાં વિપક્ષના પણ ફાંફા જોવા મળી રહ્યા છે.

ગુજરાત રાજયની ૧૫ મહાનગરપાલિકાના કુલ ૨૬૧ વોર્ડ પર ચૂંટણી યોજાઈ હતી. આ માટે કુલ ૫,૮૮૬ ફોર્મ ભરાયા હતા. જેમાંથી ૧૩૩ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લીધા હતા. રદ થયેલા ફોર્મની સંખ્યા ૨,૬૬૫ છે. જ્યારે કુલ બેઠકોમાંથી ૪૩ બેઠક બિન-હરીફ રહી છે.

ખાસ ગુજરાતના ચાર મેટ્રો સિટી એટલે કે મહાનગરનો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટની વાત કરીએ તો, અમદાવાદ મહાનગરપાલિકામાં ૧૯૨માંથી ૧૫૮ બેઠક પર ભાજપની જીત થઈ છે. જ્યારે ૩૨ બેઠક કોંગ્રેસને ફાળે જઈ છે. આવી જ રીતે રાજકોટ મહાનગરપાલિકાની ૭૨ બેઠકમાંથી ૬૫ પર ભાજપનો ભગવો લહેરાયો છે, જ્યારે બાકીની ૭ પર કોંગ્રેસે બાજી મારી છે, તો વડોદરા મહાનગરપાલિકાની ૭૬માંથી ૬૭ પર ભાજપે જ્યારે ૬ બેઠક પર કોંગ્રેસે અને સુરત મનપામાં ૧૨૦માંથી ૧૧૫ ભાજપ અને ૧ કોંગ્રેસ તથા ૪ અપક્ષ ઉમેદવારો પર જનતાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ખાસ જાન્યુઆરી ૨૦૨૫માં નવી બનેલી મહાનગર પાલિકાની વાત કરીએ તો, મોરબી અને પોરબંદર (જૂની) મનપાની તમામ પર સીટો બીજેપીએ જીતી છે, જ્યારે નવી મનપા નડિયાદ અને સુરેન્દ્રનગરમાં એક એક કોંગ્રેસને ફાળે જતા ભાજપે ૫૨માંથી ૫૧ સીટો પર કબજો કર્યો છે. જ્યારે જૂની જામનગર મહાનગરપાલિકામાં ૬૪માંથી ૫૯ બેઠક પર ભાજપ અને બાકીની ચાર બેઠકમાંથી ૨ કોંગ્રેસે અને ૨ અપક્ષે બાજી મારી છે.

વધુમાં નવી બનેલી વાપી મનપામાં ૫૨માંથી ૩૬ બેઠક પર ભાજપ અને બાકીની ૧૧ બેઠકો માટે જનતાએ કોંગ્રેસ પર વિશ્વાસ દર્શાવ્યો છે, આવી જ રીતે આણંદ મનપાની પહેલી ચૂંટણીમાં ૫૨માંથી ૩૧ પર ભાજપ અને ૮ બેઠક પર કોંગ્રેસ, જ્યારે મહેસાણામાં ૫૨માંથી ૪૭ પર ભાજપ અને બાકીની ૫ પર કોંગ્રેસ, તો ભરૂચ, ગોધરા અને નવસારી મહાનગરમાં પણ કંઈક આવી સ્થિતિ જોવા મળી રહી છે.

નોંધનીય છે કે, કુલ ભરાયેલ ફોર્મમાંથી અમદાવાદમાં ૫૬%, સુરતમાં ૫૩%, રાજકોટમાં ૫૬% અને વડોદરામાં ૪૪% ફોર્મ રદ થયા છે. બીજી તરફ પોરબંદરમાં સૌથી વધારે (૧૧) અને કરમસદ-આણંદ (૧૨)માં બેઠક બિન-હરીફ રહી છે. કુલ પરત ખેંચાયેલા ૧૩૩ ફોર્મમાં કરમસદ-આણંદ (૧૭), સુરેન્દ્રનગર (૧૫), નડિયાદ અને પોરબંદર (૧૨) સામેલ છે. કુલ ૧૫ મહાનગર પાલિકાઓમાં મતદાન યોજાયું હતું, જેમાં સરેરાશ મતદાન ટકાવારી લગભગ ૫૭% થી ૫૮% આસપાસ રહી છે. સૌથી વધુ મતદાન વાપી મહા નગરપાલિકામાં ૭૨.૨૯% નોંધાયું છે, જે તમામ શહેરોમાં સૌથી આગળ છે. આ ઉપરાંત મોરબી (૬૫.૬૫%), નવસારી (૬૫.૨૮%), અને નડિયાદ (૬૩.૬૬%) જેવી મહાનગરપાલિકાઓમાં પણ ઊંચી મતદાન ટકાવારી જોવા મળી છે.સૌથી ઓછું મતદાન ગાંધીધામ મહાનગરપાલિકામાં માત્ર ૪૬.૦૩% નોંધાયું છે, જે તમામમાં સૌથી ઓછું છે. તેની સાથે પોરબંદર (૪૮.૮૪%) અને અમદાવાદ (૫૧.૮૧%), રાજકોટ (૫૧.૫૯%) જેવા મોટા શહેરોમાં પણ મતદાન ટકાવારી પ્રમાણમાં ઓછી જોવા મળે છે. કુલ મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ જોવામાં આવે તો અમદાવાદ મહાનગરપાલિકા સૌથી મોટી છે, જેમાં ૩૮ લાખથી વધુ મતદારો છે અને તેમાંમાંથી લગભગ ૧૯.૬૯ લાખ મતદાન થયું છે. સુરત મહાનગરપાલિકામાં સૌથી વધુ કુલ મતદાન સંખ્યા (૧૪.૬૬ લાખથી વધુ) નોંધાઈ છે. વડોદરા (૫૩.૩૪%), સુરેન્દ્રનગર (૫૪.૬૭%), ભાવનગર (૫૪.૮૪%) અને જામનગર (૫૮.૧૪%) જેવા શહેરોમાં મધ્યમ સ્તરનું મતદાન જોવા મળ્યું છે.

PM મોદીએ પાઠવી શુભેચ્છા!

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો વિજય

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં સંદેશ પાઠવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૮

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે મેળવેલા ઐતિહાસિક વિજયને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધાવ્યો છે. વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરીને ગુજરાતની જનતાનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, ગુજરાત અને ભાજપ વચ્ચેનો અતૂટ સંબંધ હવે પહેલા કરતા પણ વધુ મજબૂત અને ગાઢ બન્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં સંદેશ પાઠવી ભાજપના કાર્યકરો અને જનતાને અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું કે, જનાદેશનો આભારઃ મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં ભાજપને મળેલ પ્રચંડ જનસમર્થન બદલ હું જનતાનો ઋણી છું.

વધુમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના ઉત્તમ કામો અને સુશાસનને કારણે જનતાએ ફરી એકવાર વિકાસની રાજનીતિને મત આપ્યો છે.

આ સાથે વડાપ્રધાન મોદીએ કાર્યકરોને જીતનો શ્રેય આપતા જણાવ્યું હતું કે, ભાજપના પાયાના કાર્યકરો જે સતત જનતાની વચ્ચે રહીને સેવા કરે છે, તેમના પરિશ્રમને કારણે જ ભાજપ લોકોની પ્રથમ પસંદ બની છે. PM મોદીએ ગુજરાતની જનતાને ખાતરી આપતા જણાવ્યું હતું કે, ભાજપની ટીમ આવનારા સમયમાં વધુ મહેનત કરશે અને ગુજરાતને પ્રગતિના નવા શિખરો સુધી પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.

સ્થાનિક ચૂંટણીમાં દિગ્ગજોનો રકાસ

ભાજપ, કોંગ્રેસ અને આપના અનેક મોટા માથાઓને જનતાએ આપ્યો સીધો જાકારો

પૂર્વ IPS મનોજ નિનામા હોય કે પછી નયનાબા જાડેજા જેવા ચર્ચિત ચહેરા, સૌને આ ચૂંટણીમાં હારનો કડવો ઘૂંટડો પીવો પડ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ સૌને ચોંકાવી દીધા છે. આ વખતની ચૂંટણીમાં જનતાનો મિજાજ કંઈક અલગ જ જોવા મળ્યો છે. વર્ષોથી રાજકારણમાં જામેલા દિગ્ગજો, પૂર્વ અધિકારીઓ, સેલિબ્રિટીઝ અને મોટા નેતાઓના સગા-સંબંધીઓને મતદારોએ સીધો જાકારો આપી દીધો છે. પછી તે ભાજપ હોય, કોંગ્રેસ હોય કે આમ આદમી પાર્ટી, કોઈ પણ પક્ષના 'મોટા માથાઓ' આ વખતે હારમાંથી બચી શક્યા નથી. ભૂપત ભાયાણી જેવા પૂર્વ ધારાસભ્ય હોય, પૂર્વ IPS મનોજ નિનામા હોય કે પછી નયનાબા જાડેજા જેવા ચર્ચિત ચહેરા, સૌને આ ચૂંટણીમાં હારનો કડવો ઘૂંટડો પીવો પડ્યો છે.

ભૂપત ભાયાણીઃ વર્ષ ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં વિસાવદર બેઠક પરથી 'આપ'ની ટિકિટ પર જીતેલા ભૂપત ભાયાણીએ બાદમાં પક્ષપલટો કરી ભાજપનો ખેસ પહેર્યો હતો. જોકે ભાજપે તેમને વિધાનસભા પેટાચૂંટણીમાં ટિકિટ ન આપતા, જૂનાગઢ જિલ્લા પંચાયતની ભેંસાણ બેઠક પરથી મેદાને ઉતાર્યા હતા. પરંતુ જનતાએ તેમને નકારી દેતા તેમણે હારનો સ્વાદ ચાખવો પડ્યો છે.

મનોજ નિનામાઃ નિવૃત્તિના માત્ર ૩ મહિના પહેલા જ ફઈજી લઈને સવારે ભાજપમાં જોડાયા અને સાંજે ટિકિટ મેળવી લેનારા પૂર્વ IPS મનોજ નિનામાની પણ હાર થઈ છે. તેઓ અરવલ્લી જિલ્લા પંચાયતની ઓડ બેઠક પરથી લડ્યા હતા, જ્યાં તેમને ૨૭૦૦ મતોથી પરાજયનો સામનો કરવો પડ્યો છે.

સોનલ ડેરઃ ભાજપે અમરેલી જિલ્લાની લાઠી તાલુકા પંચાયતની ચાવંડ બેઠક પર ખ્યાતનામ લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના દીકરી સોનલ ડેરને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ તેમને પણ હારનો સામનો કરવો પડ્યો છે.

કોંગ્રેસના દિગ્ગજો અને સેલિબ્રિટીઝનો રકાસઃ

નયનાબા જાડેજાઃ ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના બહેન અને કેબિનેટ મંત્રી રિવાબા જાડેજાના નણંદ નયનાબાને કોંગ્રેસે રાજકોટ મનપાના વોર્ડ નંબર ૨ માંથી મેદાનમાં ઉતાર્યા હતા. ક્ષત્રિય આંદોલન વખતે ચર્ચામાં આવેલા નયનાબા ભાજપના આ મજબૂત ગઢમાં હારી ગયા છે.

અમી રાવતઃ વડોદરા શહેરમાં વર્ષોથી કોંગ્રેસને જીવંત રાખનાર અને મનપાના પ્રથમ મહિલા વિપક્ષી નેતા અમી રાવત આ વખતે હારી ગયા છે. ૨૦૧૫ અને ૨૦૨૧ માં વોર્ડ નંબર ૧ માંથી જીતનાર અમીબેનને આ વખતે સામાન્ય પુરુષ કેટેગરીમાં લડાવવામાં આવ્યા હતા, જ્યાં આક્રમક નેતાની છાપ હોવા છતાં તેઓ હારી ગયા.

બાળા સાહેબ સૂર્વેઃ વડોદરા મનપાના વોર્ડ ૧૩ માં છેલ્લી ૨ ટર્મથી જીતતા અને લોકોમાં '૧૦૮' તરીકે જાણીતા કોંગ્રેસના દિગ્ગજ નેતા બાળા સાહેબ સૂર્વે ૨૦૨૬ ની પોતાની આ ચોથી ચૂંટણીમાં હારી ગયા છે.

વશરામ સાગઠિયાઃ રાજકોટ મનપામાં સતત ૩ ચૂંટણી જીતનાર અને પૂર્વ વિપક્ષી નેતા વશરામ સાગઠિયાની પણ હાર થઈ છે. તેઓ વચ્ચે 'આપ'માં જઈને ફરી કોંગ્રેસમાં આવ્યા હતા અને વોર્ડ ૧૫ માંથી લડ્યા હતા.

આરજે આભાઃ કોંગ્રેસે રાજકોટના વોર્ડ નંબર ૧૦ માં રેડિયો જોકી અને સોશિયલ મીડિયા સ્ટાર આરજે આભા પર સેલિબ્રિટી કાર્ડ ખેલ્યું હતું, પરંતુ લોકોએ તેમને મત ન આપતા તેમની હાર થઈ છે.

ગાયત્રીબા વાઘેલા અને અતુલ રાજાણીઃ રાજકોટ કોંગ્રેસના દિગ્ગજોને પણ મોટો ફટકો પડ્યો છે. ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા વોર્ડ ૩ માંથી હારી ગયા છે. તો એ જ વોર્ડમાંથી કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખ અતુલ રાજાણી પણ હારી ગયા છે, જેની પાછળ પક્ષનો આંતરિક ડખો જવાબદાર મનાય છે.

ભરતસિંહ ચૌહાણઃ લુણાવાડાના કોંગ્રેસના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણના નાના ભાઈ ભરતસિંહ પોતાની પહેલી જ ચૂંટણી હારી ગયા છે. મહીસાગર જિલ્લા પંચાયતની વીરણીયા બેઠક પર તેમની માત્ર ૧૮૬ મતોથી હાર થઈ છે.

આમ આદમી પાર્ટી (AAP) ના ટોચના નેતાઓને પછડાટઃ

મનોજ સોરઠિયાઃ ગુજરાત પ્રદેશ AAP ના સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા પોતાની પહેલી જ ચૂંટણી હારી ગયા છે. પાટીદારોના ગઢ ગણાતા સુરત મનપાના વોર્ડ ૪ માંથી તેઓ મેદાનમાં હતા, પરંતુ ૨૦૨૧ જેવો જાદુ ન ચાલતા તેમને પછડાટ મળી છે.

પાયલ સાકરિયાઃ વર્ષ ૨૦૨૧ માં સુરત મનપામાં જ્યારે AAP ને ૨૭ બેઠકો મળી હતી, ત્યારે યુવા ચહેરા તરીકે પાયલ સાકરિયા જીત્યા હતા અને વિપક્ષના નેતા પણ બન્યા હતા. આ વખતે તેઓ સુરતના પુણા પશ્ચિમ વોર્ડ ૧૬ માંથી મેદાનમાં હતા, પરંતુ તેમને પરાજયનો સામનો કરવો પડ્યો છે.

આજે આંતરરાષ્ટ્રીય કામદાર સ્મૃતિ દિવસ

૫ વર્ષમાં સલામતીના અભાવે રાજ્યમાં ૫૯૬ બાંધકામ શ્રમિકોનાં મૃત્યુ થયાં

બાંધકામ ઉદ્યોગ સૌથી જોખમી - બાંધકામ સ્થળોએ સલામતીના પૂરતા પગલાંનો અભાવઃ વિપુલ પંડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૨૮ઃ આંતરરાષ્ટ્રીય કામદાર સ્મૃતિ દિવસ ૨૮ એપ્રિલે ઉજવાય છે તેમાં કામના સ્થળે સુરક્ષા અને સ્વાસ્થ્યની પણ ચિંતા થાય છે પરંતુ કમનસીબે ગુજરાતમાં બાંધકામ ઉદ્યોગ, ફેકટરીઓ, ફટાકડાના ગોડાઉનથી લઈને જોખમી કામગીરી કરતા શ્રમિકો માટે સલામતીના ધોરણો કેટલા સચવાય છે તેની સરકારી વિભાગોની ઈન્સ્પેક્શન ઓથોરિટી દ્વારા સમયાંતરે પૂરતી ચકાસણી કરવામાં આવતી નથી. વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ સુધી ગુજરાતમાં કુલ ૫૯૬ બાંધકામ શ્રમિકોના મૃત્યુ થયા છે. વિશ્વભરના મજૂર સંગઠનો દ્વારા અને ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (આઈએલઓ) દ્વારા ૨૮ એપ્રિલે શ્રમિકોની સલામતી અને સ્વાસ્થ્ય માટે સંકલ્પ લેવામાં આવે છે. જો કે ગુજરાતમાં અવારનવાર ફેકટરી-કારખાના અને ગોડાઉનમાં થતા ધડાકા, આગ તેમજ મોટી સંખ્યામાં બાંધકામ સ્થળે શ્રમિકોના થતા અકસ્માતે મૃત્યુ દર્શાવે છે કે હજુ સુધી તેમની સલામતી માટેની બેદરકારી યથાવત છે. એટલું જ નહીં શ્રમિકોના મૃત્યુ પછી વળતર આપવામાં પણ એકમના માલિકો મોટાભાગના કિસ્સામાં તસ્દી લેતા નથી અને સરકારી તંત્ર પૂરતું વળતર અપાવી શકતું નથી. બાંધકામ મઝદૂર સંગઠનના મહામંત્રી વિપુલ પંડ્યાએ જણાવ્યું છે કે આરટીઆઈ થકી માહિતી મુજબ સૌથી જોખમી એવા બાંધકામ ઉદ્યોગમાં છેલ્લા ૧૮ વર્ષમાં ગુજરાતમાં કુલ ૧૭૪૬ બાંધકામ શ્રમિકોના મૃત્યુ થયા છે અને ૫૨૭ને ગંભીર ઈજા થઈ છે. વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ સુધીના સમયગાળામાં ૫૯૬ શ્રમિકોના મૃત્યુ થયા છે. વર્ષ ૨૦૨૫માં જ ૧૩૦ જેટલા મજૂરોના મૃત્યુ અને ૧૭ને ગંભીર ઈજાના બનાવ નોંધાયા હતા. જેમાંથી ૬૦ ટકા મૃતકો ૧૮થી ૩૫ વર્ષના હતા. અમદાવાદમાં ૨૪, ગાંધીનગરમાં ૨૪, સુરતમાં ૨૩, વડોદરામાં ૧૩ અને રાજકોટમાં ૧૧ શ્રમિકોના મૃત્યુ નોંધાયા છે. જેનું મુખ્ય કારણ ઉપરથી પડવાના બનાવો છે જે કુલ મૃત્યુના ૬૦ ટકા છે. તે ઉપરાંત કરંટ લાગવો, ભેખડ અને દિવાલ ધસી પડવાથી પણ મૃત્યુ થાય છે. ૮૮ ટકા બનાવ ખાનગી બાંધકામ સ્થળોએ અને ૧૨ ટકા જાહેર બાંધકામમાં થાય છે. મોટાભાગના અકસ્માતો અટકાવી શકાય તેમ હોવા છતાં સલામતીના પગલાં લેવાતા નથી.

(પહેલાં પાનાનું ચાલુ)

મહિલા આરક્ષણનું લક્ષ્ય...

આ કાર્યક્રમ માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઉદ્‌ઘાટન પૂરતો સીમિત ન રહ્યો, પરંતુ પ્રધાનમંત્રીએ દેશની મહિલાઓને રાજકીય મુખ્યધારામાં લાવવા માટેના તેમના મક્કમ નિર્ધારને પણ ફરી એકવાર દોહરાવ્યો છે.

પ્રધાનમંત્રી મોદીએ સભાને સંબોધતા કાશીને માતા અન્નપૂર્ણા, માતા શ્રૃંગાર ગૌરી અને ગંગા મૈયા જેવી દૈવી શક્તિઓની ભૂમિ ગણાવી હતી. તેમણે કહ્યું કે જ્યારે આટલી મોટી સંખ્યામાં બહેનો અને દીકરીઓ એકઠી થાય છે, ત્યારે આ પ્રસંગ ખરેખર દિવ્ય બની જાય છે. કાશીના સાંસદ તરીકે તેમણે મહિલાઓના આશીર્વાદ માંગ્યા અને સ્પષ્ટ કર્યું કે તેમનું મુખ્ય લક્ષ્ય લોકસભા અને વિધાનસભાઓમાં મહિલા અનામતનો અમલ કરવાનું છે. મહિલા અનામત બિલ મુદ્દે પ્રધાનમંત્રી મોદીએ ભૂતકાળના પ્રયાસોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, અગાઉ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ જેવા પક્ષોના અવરોધને કારણે આ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. જોકે, તેમણે દેશની નારી શક્તિને ખાતરી આપી હતી કે, "હું તમારા અનામત અધિકારોનો અમલ થાય તે માટે કોઈ કસર બાકી નહીં રાખું અને આ લક્ષ્ય કોઈપણ કિંમતે પ્રાપ્ત કરીશ."

રેલવે કનેક્ટિવિટીમાં નવો અધ્યાયઃ અમૃત ભારત ટ્રેનો

વિકાસના ઉત્સવના ભાગરૂપે પ્રધાનમંત્રીએ બે નવી 'અમૃત ભારત એક્સપ્રેસ' ટ્રેનોને લીલી ઝંડી બતાવી રવાના કરી હતીઃ ૧.વારાણસીથી પુણે (હડપસર) ૨.અયોધ્યાથી મુંબઈ (લોકમાન્ય તિલક ટર્મિનલ)

આ આધુનિક ટ્રેનો ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે હવે મુંબઈ અને પુણેના ભક્તો માટે અયોધ્યા ધામ અને કાશી વિશ્વનાથ ધામ સુધી પહોંચવા માટે વધુ સુવિધાજનક અને આધુનિક વિકલ્પ ઉપલબ્ધ બન્યો છે.

અંતમાં પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે આજે 'નારી શક્તિ વંદન'ની સાથે વિકાસનો પણ ઉત્સવ છે. ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાનું જે મિશન ચાલી રહ્યું છે, તેમાં મહિલાઓનું યોગદાન સર્વોપરી રહેશે. કાશીમાં લોન્ચ થયેલા આ પ્રોજેક્ટ્સ સ્થાનિક રોજગારી અને પ્રવાસનને વેગ આપવા સાથે સામાન્ય જનતાની સુખાકારીમાં વધારો કરશે.

વર્તમાન પ્રવાહ

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો

સંજય તાડા - 99244 66899 /
સુરેશ ઉમતિયા - 98259 89444

રાજ્યની તમામ ૧૫ મહાનગરપાલિકાઓમાં ભાજપે ક્લીન સ્વીપ કરીને શહેરી વિસ્તારોમાં પોતાની સર્વોપરિતા સાબિત કરી છે

ગુજરાતે ભાજપની વિકાસની રાજનીતિ પર ભરોસો રાખી ખૂબ મોટી જીત અપાવી: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૨૮

આ પ્રચંડ વિજયની ઉજવણી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કમલમ ખાતે પહોંચ્યા હતા. તેમની સાથે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને અન્ય પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કમલમ ખાતે કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો, જ્યાં નેતાઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પક્ષના નેતાઓ આ જીતને ટ્રિપલ એન્જિન સરકારની કામગીરી અને ગુજરાતની પ્રજાના ભારતીય જનતા પાર્ટીમાં રહેલા વિશ્વાસનું પરિણામ ગણાવી રહ્યા છે.

ચૂંટણી પરિણામોનું વિશ્લેષણ કરતાં, ભાજપે પોતાનો વિજય રથ કાયમ રાખ્યો છે. કેટલીક બેઠકો, જેમ કે અમદાવાદની ખાડિયા અને સરસપુર બેઠક, ભાજપના હાથમાંથી ગઈ છે, પરંતુ પક્ષ તેને એક નાનકડા લોઢાના મેખ તરીકે ગણાવીને ભવિષ્યમાં તે મતદારોના દિલ જીતવાનો વિશ્વાસ વ્યક્ત કરે છે. સુરતમાં આમ આદમી પાર્ટી (AAP)ના પ્રદર્શન અંગે, ભાજપના નેતાઓએ જણાવ્યું કે ગુજરાતની જનતા શાંતિપ્રિય અને વિકાસપ્રિય છે, અને અરાજકતાવાદી રાજનીતિને સ્વીકારતી નથી, જેના કારણે AAPને જનતાએ જાકારો આપ્યો છે. આ જીત ભાજપની સંગઠનાત્મક તાકાત, ઝીણવટભર્યું આયોજન અને પ્રજા સંપર્કની કામગીરીનું ફળ છે. પક્ષના નેતાઓ દ્વારા મીટિંગો અને સતત પ્રયાસો દ્વારા આ વિજય પ્રાપ્ત થયો છે. થોડા જ સમયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા મીડિયા સાથે વાતચીત કરીને આ જીતનો શ્રેય કોને આપવો અને આગામી સમયમાં પક્ષની રણનીતિ શું રહેશે તે અંગે સત્તાવાર પ્રતિક્રિયા આપશે. કમલમ ખાતે ઉજવણીની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે અને આ ઐતિહાસિક વિજયનો ઉત્સવ હજુ વધુ ધામધૂમથી ઉજવાશે.

કમલમ ખાતે યોજાયેલી બેઠકમાં રાજ્યના ઉપ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાતને બદનામ કરવા માટે કોઈ કસર છોડવામાં આવી નહોતી, પરંતુ રાજ્યના નાગરિકોએ સમજદારી દાખવી છે. યોગ્ય સમયે જનતાએ યોગ્ય જવાબ આપ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે પ્રદેશ નેતૃત્વ અને મુખ્યમંત્રીની આગેવાનીમાં આ ઐતિહાસિક જીત પ્રાપ્ત થઈ છે. ભાજપ ગુજરાતનું સૌથી મોટું પરિવાર છે અને રહેશે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ભાજપને મળેલી ભવ્ય જીત બદલ જનતાનો આભાર માન્યો. તેમણે જણાવ્યું કે, છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતની જનતા વિકાસની રાજનીતિ પર વિશ્વાસ રાખે છે? ભાજપના કાર્યકર્તાઓએ તડકો-છાંયો જોઈયા વગર સમર્પણ અને સેવા ભાવથી કામ કર્યું છે, જેના પરિણામે આ જીત મળી છે. તેમણે વિરોધ પક્ષો પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસ અને અન્ય પક્ષોએ ગુજરાતને વારંવાર બદનામ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ જનતાએ હંમેશા ભાજપ પર વિશ્વાસ મૂક્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ જણાવ્યું કે, ભાજપની વિકાસની રાજનીતિ પર વિશ્વાસ રાખી જનતાએ મોટી જીત અપાવી છે. તેમણે કહ્યું કે, દરેક પ્રશ્નનો જવાબ ચૂંટણીના પરિણામમાં મળી ગયો છે? ગુજરાતની જનતા નકારાત્મકતા સ્વીકારતી નથી. ભાજપના તમામ નેતાઓ અને કાર્યકર્તાઓએ ટીમવર્કથી કામ કર્યું છે અને મળેલા ગુજરાતે જનસમર્થનને વધુ મજબૂત બનાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ રહેશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કુલ ૧૯૨ બેઠકોના જાહેર થયેલા પરિણામોમાં સત્તાધારી પક્ષ ભાજપે ૧૬૦ બેઠકો સાથે પોતાનો ગઢ મજબૂત રાખ્યો છે, જે ગત ટર્મની સરખામણીએ ૧ બેઠકનો વધારો દર્શાવે છે. બીજી તરફ, મુખ્ય વિપક્ષ તરીકે કોંગ્રેસે ૩૨ બેઠકો મેળવીને ગત પરિણામો કરતા ૭ બેઠકોનો ફાયદો મેળવ્યો છે, જે ગત વર્ષની દ્રષ્ટિએ થોડું સારું પરિણામ સૂચવે છે. જો કે આ ચૂંટણીમાં સૌથી મોટો ઉલટફેર નાના પક્ષોમાં જોવા મળ્યો છે, જેમાં AIMIMનો સંપૂર્ણ સફાયો થયો છે.

સુરતમાં ૧૯૯૫ બાદ પ્રથમ વખત વિપક્ષ નેતાનું પદ ખાલી રહેશે. સુરત પાલિકાની ૧૨૦ બેઠકમાંથી ભાજપને ફાળે ૧૧૫ આપ ને ૪ અને કોંગ્રેસને ૧ બેઠક મળી છે. પાલિકામાં સત્તાવાર રીતે વિપક્ષને સ્થાન મળે તે માટે સાત બેઠક જરુરી છે પરંતુ બે પક્ષ મળીને પણ સાત બેઠક થઈ શકે તેમ નથી. તેથી પાલિકા કચેરી ૧૯૯૫ પછી ફરી એક વાર વિપક્ષી કેબિન વિનાની જોવા મળશે એટલું જ નહી પરંતુ વિપક્ષી નેતા ન હોવાથી વિપક્ષને ગાડી કે ફોન પણ મળી શકશે નહીં. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ ૨૦૨૬ની ચૂંટણીના પરિણામોમાં વૉર્ડ નંબર ૧માં મોટો રાજકીય ઉલટફેર જોવા મળ્યો છે, જ્યાં કોંગ્રેસના ગઢમાં ગાબડું પડતાં ભાજપ અને અપક્ષે મેદાન માર્યું છે. ૨૦૨૧માં આ વૉર્ડમાં કોંગ્રેસની આખી પેનલ વિજેતા બની હતી, પરંતુ આ વખતે આંતરિક મતભેદો અને ટિકિટ વહેંચણીના વિવાદને કારણે પક્ષે ત્રણ બેઠકો ગુમાવવી પડી છે. આ ચૂંટણીમાં ભાજપના કુંદનબહેન ટેલર (૧૨,૫૩૫ મત) અને ભુરસીંગ રાઠવા (૧૦,૧૦૬ મત) વિજેતા થયા છે, જ્યારે કોંગ્રેસમાંથી માત્ર પુષ્પાબહેન વાઘેલા (૧૩,૩૪૧ મત) પોતાની બેઠક બચાવવામાં સફળ રહ્યા છે. સૌથી મોટો ઉલટફેર કોંગ્રેસના બળવાખોર ઉમેદવાર હરીશ પટેલે સર્જ્યો છે, જેઓ અપક્ષ તરીકે લડીને ૧૩,૩૭૨ મતોની જંગી લીડ સાથે વિજેતા બન્યા છે. બીજી તરફ, કોંગ્રેસના દિગ્ગજ નેતા અમીબહેન રાવતને ૧૧,૯૨૦ મત મળવા છતાં પરાજયનો સામનો કરવો પડ્યો છે, જે કોંગ્રેસ માટે મોટો આંચકો ગણાય છે. રાજપીપળા નગરપાલિકાની ગણતરી પૂર્ણ થઈ ચૂકી છે. રાજપીપળા નગરપાલિકામાં કમળ છવાયું છે. ભાજપે અહીં ઐતિહાસિક જીત મેળવી હતી. ભાજપને ૨૮માંથી ૨૫ બેઠક જીતી. જ્યારે ૩ બેઠક અપક્ષના ફાળે. જ્યારે કોંગ્રેસ અને આપના સુપડા સાફ. ભાજપે પાલિકાની સ્થાપના બાદ પ્રથમ વખત સૌથી મોટી જીત મેળવી. કોંગ્રેસ ૦ પર સમેટાઈ, ઈતિહાસમાં પ્રથમ વખત કોંગ્રેસની સંખ્યા ૦ થઈ ગઈ હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા નગરપાલિકામાં ભાજપે જંગી બહુમતી સાથે ભવ્ય વિજય નોંધાવ્યો છે અને ફરી એકવાર સત્તા જાળવી રાખી છે. કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૩૦ બેઠકો પર જીત મેળવી સ્પષ્ટ પ્રભુત્વ સ્થાપ્યું છે. બીજી તરફ આમ આદમી પાર્ટીને ૫ બેઠકો મળી છે, જ્યારે ૧ બેઠક અપક્ષ ઉમેદવારના ફાળે ગઈ છે. આ પરિણામોથી સમગ્ર જિલ્લામાં ભાજપનો દબદબો સ્પષ્ટ જોવા મળી રહ્યો છે અને વિરોધ પક્ષોને મોટો ઝટકો લાગ્યો છે. મોરબી મહાનગરપાલિકામાં તમામ ૫૨ બેઠકો પર ભાજપ જીતી ગયો છે. આ સાથે કોંગ્રેસ અને અપક્ષના ખાતામાં એક બેઠક પણ આવી શકી નહોતી.

રાજ્યની તમામ ૧૫ મનપામાં ભાજપની બમ્પર જીત: કોંગ્રેસ-આપનો સફાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૮

ગુજરાતની તમામ ૧૫ મહાનગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. અમદાવાદ મનપાની ૧૯૨ સીટમાંથી અત્યાર સુધીમાં આવેલા પરિણામાં ૧૫૮ બેઠકો પર ભાજપે જીત મેળવી છે. જ્યારે ૧૮ બેઠક કોંગ્રેસે જીતી છે. કેટલીક સીટોના પરિણામ બાકી છે. રાજકોટ મનપામાં ભાજપને ૬૫ બેઠકો મળી છે. કોંગ્રેસને ૭ બેઠકો મળી છે. પોરબંદર મહાનગરપાલિકા કુલ ૫૨ માંથી ૫૨ બેઠક પર ભાજપની જીત થઈ છે. જામનગર મહાનગરપાલિકામાં ૬૪ બેઠકમાંથી ૫૬ બેઠકો ભાજપને મળી છે. એક વોર્ડમાં ગણતરી ચાલી રહી છે.

રાજકોટ મનપા: ભાજપનું શાસન યથાવત, કોંગ્રેસના ફાળે ૭ બેઠકો: રાજકોટ મહાનગરપાલિકામાં ભાજપે ફરી એકવાર સત્તા જાળવી રાખી છે.

જો કે, આ વખતે ભાજપની બેઠકોમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે. ભાજપ: ૬૫ બેઠકો પર જીત (ગત વખત કરતા ૩ બેઠક ઘટી). કોંગ્રેસ: ૭ બેઠકો પર વિજય. રાજકોટમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે, પરંતુ વિપક્ષી છાવણીમાં થયેલો નજીવો સુધારો ભવિષ્ય માટે રાજકીય ચર્ચાનો વિષય બન્યો છે. મૃતપ્રાય થયેલી કોંગ્રેસમાં ફરી એકવાર જીવ પુરાયો હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

વાપી મહાનગરપાલિકામાં ભાજપની જીત: વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે. કુલ ૫૨ સીટોમાંથી ભાજપે ૩૭ બેઠકો કબજે કરી છે. આથી કેસરિયા છાવણીમાં ઉત્સાહનો માહોલ છે. વાપી મહાનગરપાલિકાની યોજાયેલી પ્રથમ ચૂંટણીમાં ભાજપે મેદાન મારતા ભાજપના કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ છે.

નવસારી મનપામાં ભાજપની જીત: નવસારી મહાનદરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીની ૫૦ બેઠકો પર જીત થઈ છે. કૉંગ્રેસના ખાતામાં ૨ બેઠકો આવી છે.

આ ૧૫ મહાનગરપાલિકામાં ભાજપની જીત વાપી, મોરબી, નવસારી, નડિયાદ, કરમસદ-આણંદ, સુરત, મહેસાણા, જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર, વડોદરા, અમદાવાદ, રાજકોટ, પોરબંદર, ગાંધીધામ.

ગુજરાતની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની કુલ ૨૬,૧૯૬ બેઠકો પર ચૂંટણી પરિણામો જાહેર થઈ રહ્યા છે.

નગરપાલિકાની સ્થિતિ: રાજ્યની ૮૪ નગરપાલિકાઓમાં ભાજપે સપાટો બોલાવતા ૧૬૭૬ બેઠકો પર કબ્જો જમાવ્યો છે, જ્યારે કોંગ્રેસ માત્ર ૩૬૭ બેઠકો પર સમેટાઈ ગઈ છે.

જિલ્લા પંચાયતની સ્થિતિ: ૩૪ જિલ્લા પંચાયતોમાં પણ ભાજપનો જ દબદબો જોવા મળ્યો છે. ભાજપે અહીં ૭૦૧ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો છે, તો તેની સામે કોંગ્રેસને ફક્ત ૧૦૩ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે.

નવસારીમાં ભાજપની ફિફ્ટી, કોંગ્રેસના ફાળે માત્ર ૨ બેઠક

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવસારી,તા.૨૮

ગુજરાતમાં ૨૬ એપ્રિલ, ૨૦૨૬ રવિવારના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ હતી. જેમાં કુલ ૧ લાખ ૮૮ હજાર જેટલા લોકોએ મતદાન કર્યું હતું. તેમજ ૧ લાખ ૩૮ હજાર જેટલા ઉમેદવારોએ ચૂંટણી લડવા માટે નોંધવી કરાવી હતી. ૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની હજારો બેઠકો પર ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિકોણીય જંગ જોવા મળ્યો હતો. આજે ૨૮ એપ્રિલ ૨૦૨૬માં ચૂંટણીના પરિણામ જાહેર થઈ ગયા છે.

નવસારી મનપાની વાત કરીએ તો ૧૩ વોર્ડની ૫૨ બેઠકો પર યોજાયેલા મતદાનમાં ભાજપે બહુમતીથી જીત મેળવી છે. ૫૨ માંથી ૫૦ બેઠક પર BJP, તો માત્ર ૨ બેઠક પર કોંગ્રેસે જીત મેળવી છે. જ્યારે BJP તરફથી વોર્ડ ૮માં જ્યોત્સનાબેન ઝવેરભાઈ પ્રજાપતિ અને વોર્ડ ૧૧માં આરતીબેન ભરવાડે બિનહરિફ ઉમેદવાર તરીકે જીત મેળવી છે.

આમાં ઘણી બેઠકો મહિલાઓ માટે આરક્ષિત હતી અને મોટા પ્રમાણમાં તેમણે જીત મેળવી છે. જેને જોઈને કહી શકાય કે, રાજકારણમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધી રહ્યું છે. તેમજ નવસારીની આ ચૂંટણીમાં ભાજપનું પ્રભુત્વ દેખાયું છે, જ્યારે બીજી બાજુ વિરોધ પક્ષનું પ્રદર્શન ખૂબ નબળું રહ્યું છે. નવસારીની ૫૨ બેઠકોમાંથી વોર્ડ નં ૧૩ના BJP ઉમેદવાર મધુબેન અમૃતભાઈ પટેલ (૭૨૯૯), વિજયભાઈ મનુભાઈ રાઠોડ (૭૨૫૫), ભાવીનકુમાર સુમંતરાય નાયક (૭૮૮૯)એ સૌથી વધારે મત મેળવ્યા છે. તો વોર્ડ નં. ૪ની માત્ર ૨ બેઠકમાં કોંગ્રેસ ઉમેદવાર પ્રભા નરેશકુમાર વલસાડિયા અને પ્રકાશભાઈ કાંતિભાઈ હળપતિએ જીત મેળવી છે. બાકી ક્યાંય કોંગ્રેસની જીત નથી.

જુનાગઢ જિલ્લામાં ૯ તાલુકા પંચાયત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો દબદબો

(સંપૂર્ણ સમાચાર સેવા)

જુનાગઢ,તા.૨૮

જુનાગઢ જિલ્લાની નવ તાલુકા પંચાયતની ૧૫૮ બેઠક પર ચૂંટણી જંગ પૂર્ણ થયો છે અને ચિત્ર પણ સ્પષ્ટ થયું છે. જેમાં ગોપાલ ઈટાલીયાનો ગઢ ગણાતા વિસાવદરમાં આમ આદમી પાર્ટીએ તાલુકા પંચાયત કબજે કરી છે. જ્યારે ભેસાણ તાલુકાની ૧૬ બેઠકમાંથી ૧૩ બેઠક પર આમ આદમી પાર્ટી અને ત્રણ બેઠક પર ભાજપનો વિજય થયો છે. જ્યારે જુનાગઢ તાલુકાની ૧૮ બેઠક પૈકી ૯-૯ બેઠક પર ભાજપ-આપનો વિજય થતા આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

વિસાવદર તાલુકાની ૧૮ બેઠકમાંથી ૧૧ બેઠક આપ, ૬ ભાજપ અને ૧ અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. જ્યારે મેંદરડા તાલુકાની ૧૬ બેઠક પૈકી ૧૦ બેઠક પર ભાજપ, ૪ બેઠક પર કોંગ્રેસ, ૧ બેઠક પર આપ અને ૧ અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. માળીયાહાટીના તાલુકાની ૨૦ બેઠક પૈકી ૧૪ બેઠક પર ભાજપ, ૨ બેઠક પર કોંગ્રેસ અને ૪ બેઠક પર આપની જીત થઈ છે. તો વંથલી તાલુકાની ૧૬ બેઠક પૈકી ૧૧ બેઠક પર ભાજપ અને ૫ બેઠક પર આમ આદમી પાર્ટીનો વિજય થયો છે.

ખાસ જુનાગઢ તાલુકાની ૧૮ બેઠક પૈકી ૯ બેઠક પર ભાજપ અને ૯ બેઠક પર આપનો વિજય થયો છે જ્યાં બંને વચ્ચે ટાઈ થયું છે. માણાવદર તાલુકાની ૧૬ બેઠક પૈકી ૧૨ બેઠક પર ભાજપ અને ૪ બેઠક પર આમ આદમી પાર્ટીની જીત થઈ છે. માંગરોળ તાલુકાની ૨૦ બેઠક પૈકી ૧૨ બેઠક પર ભાજપ, સાત બેઠક પર કોંગ્રેસ અને ૧ બેઠક પર આપની જીત થઈ છે. એવી જ રીતે કેશોદ તાલુકા પંચાયતમાં મોટી ઘંસારીમાં ભાજપ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર વચ્ચે ટાઈ થઈ હતી. જેથી બંને ઉમેદવાર વચ્ચે ચીઠી નખાઈ હતી, જેમાં આપના ઉમેદવાર યશવંતસિંહ રાયજાદા વિજેતા જાહેર થયા છે.

ભેસાણ તાલુકા પંચાયત આમ આદમી પાર્ટીએ કબજો મેળવ્યો છે, પરંતુ ત્યાં પ્રમુખ આમ આદમી પાર્ટીનો નહીં બની શકે કારણ કે SC અનામતના કારણે અપસેટ થયું છે. ભાજપનો પરાજય થયો છે પરંતુ પ્રમુખ ભાજપનો જ બનશે કારણ કે ભાજપના ત્રણ ઉમેદવાર પૈકી રાણપુર બે સીટના ઉમેદવાર SC અનામતના હોવાથી તેને પ્રમુખ પદ મળી શકે છે. આમ જોઈએ તો કેશોદ નગરપાલિકા અને જૂનાગઢ જિલ્લા પંચાયતમાં ભાજપની શાસન જાળવી રાખ્યું છે. બીજી તરફ તાલુકા પંચાયતની બેઠકો પર મોટો અપસેટ જોવા મળ્યો છે. જેમાં ખાસ કરીને જુનાગઢ તાલુકા પંચાયતમાં ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે ટાઈ થઈ છે. હવે આગામી સમયમાં મીટીંગ મળ્યા બાદ જુનાગઢ તાલુકા પંચાયતમાં શાસન કોણ જમાવે છે તે જોવું રહ્યું.

સુરત જિલ્લા પંચાયતમાં ભાજપની ૩૬ માંથી ૩૫ બેઠકો પર મેળવી જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૨૮: ગુજરાતના રાજકારણમાં દક્ષિણ ગુજરાતનું પ્રવેશદ્વાર ગણાતા સુરત જિલ્લાની પંચાયત ચૂંટણીના પરિણામોએ સૌને ચોંકાવી દીધા છે. સુરત જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં ભાજપે એકતરફી વિજય હાંસલ કર્યો છે. પરિણામો મુજબ, ભાજપના ફાળે કુલ ૩૫ બેઠકો આવી છે. આ જીત એટલી પ્રચંડ છે કે સુરતના ગ્રામીણ વિસ્તારોમાં પણ ભાજપના વિકાસના કામોને લોકોએ હોંશે-હોંશે સ્વીકાર્યા હોય તેમ જણાય છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં ભાજપના કાર્યકરોએ વિજય સરઘસો કાઢી, ફટાકડા ફોડી અને અબીલ-ગુલાલની છોળો ઉડાડીને ઉત્સવ મનાવ્યો હતો. આ ચૂંટણીમાં સૌથી મોટો આંચકો કોંગ્રેસ પક્ષને લાગ્યો છે. એક સમયે સુરતના ગ્રામીણ વિસ્તારોમાં પ્રભુત્વ ધરાવતી કોંગ્રેસ આ વખતે શૂન્ય ૦૦ પર ફેંકાઈ ગઈ છે. ૩૬ બેઠકોમાંથી કોંગ્રેસ એક પણ બેઠક જીતવામાં સફળ રહી નથી, જે પક્ષ માટે ચિંતાનો વિષય છે. બીજી તરફ, સુરત શહેરમાં પોતાનું વર્ચસ્વ બતાવ્યા બાદ આમ આદમી પાર્ટી (AAP) એ જિલ્લા પંચાયતમાં પણ પોતાનું ખાતું ખોલાવવામાં સફળતા મેળવી છે. ૩૬ માંથી ૦૧ બેઠક 'આપ' ના ફાળે ગઈ છે, જે પક્ષ માટે એક નાના પણ મહત્વના પગપેસારા સમાન છે.

ગણદેવી અને ગોંડલમાં ભાજપની ક્લિન સ્વિપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૮

દક્ષિણ ગુજરાતની ગણદેવી નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીએ વિપક્ષોના સૂપડા સાફ કરીને ભવ્ય જીત હાંસલ કરી છે. ભાજપે પાલિકાની તમામ ૨૪ બેઠકો પર કબજો મેળવીને વિરોધ પક્ષને સદંતર પછાડ્યો છે. નોંધનીય છે કે, ૨૪માંથી ૨૨ બેઠકો પર તો ચૂંટણી પહેલા જ ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા, જે એક રેકોર્ડ સમાન છે. બાકી રહેલી બે બેઠકો માટે થયેલા મતદાનમાં પણ ભાજપના ઉમેદવારોએ જ વિજય મેળવતા સમગ્ર પાલિકામાં ભગવો લહેરાયો છે.

ગોંડલ નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર પોતાની પકડ સાબિત કરતા ઐતિહાસિક જીત મેળવી છે. 'ગઢ ગોંડલ'માં વિપક્ષનો સફાયો કરતા ભાજપે તમામ ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર પેનલ ટુ પેનલ વિજય મેળવ્યો છે. ચૂંટણી દરમિયાન થયેલા ગુંડાગીરીના આક્ષેપો અને 'મિરઝાપુર' જેવા ચર્ચિત મુદ્દાઓને પ્રજાએ નકારી કાઢ્યા છે. લોકોએ જયરાજસિંહના નેતૃત્વ અને વિકાસની નીતિમાં અતૂટ વિશ્વાસ વ્યક્ત કરીને વિરોધ પક્ષને એક પણ બેઠક જીતવા દીધી નથી.

પાટણમાં ભાજપ શાસિત તાલુકા પંચાયતમાં કોંગ્રેસે બાજી મારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

પાટણ,તા.૨૮

ગુજરાતમાં હાલમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માં ચૂંટણીની મતગણતરી ચાલી રહી છે. આ મતગણતરી દરમિયાન મોટા ઉલટફેર સામે આવી રહ્યાં છે. અમરેલીમાં દામનગરમાં મોટો અપસેટ સામે આવ્યો છે. દામનગરમાં વોર્ડ નંબર પાંચમાં આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવારો જીતી ગયાં છે. દામનગર નગરપાલિકામાં આમ આદમી પાર્ટી પાંચ બેઠકો પર જીત મેળવી છે. ગારિયાધાર તાલુકા પંચાયત બેઠકની વાત કરીએ તો ભાજપની છઠ્ઠી બેઠક પર જીત થઈ છે. પાટણમાં કોંગ્રેસે તાલુકા પંચાયતમાં સત્તા મેળવી છે.

પાટણમાં ભાજપ શાસિત તાલુકા પંચાયતમાં કોંગ્રેસે બાજી મારી છે. કુલ ૨૦ બેઠક માંથી ૧૩ બેઠક કોંગ્રેસના ફાળે ગઈ છે. પાટણ તાલુકા પંચાયત બની કોંગ્રેસની બની છે. પાટણ નગર પાલિકામાં કૂલ આઠ વોર્ડની ૩૨ બેઠકોનું પરિણામ જાહેર થયું છે. જેમાં ભાજપ ૨૧ અને કોંગ્રેસ ૮ બેઠકો પર જીત મેળવી છે. જ્યારે અપક્ષના ફાળે ત્રણ બેઠકો આવી છે. પેટલાદ નગર પાલિકામાં ભાજપે ૨૬ બેઠકો સાથે બહુમતી પ્રાપ્ત કરી છે. જ્યારે ૧૦ બેઠકો પર કોંગ્રેસ અને અપક્ષોનો વિજય થયો છે. પેટલાદમાં તમામ વોર્ડની ગણતરી પૂર્ણ થઈ ગઈ છે. વાત કરીએ વડોદરાના શિનોરની તો શિનોર જિલ્લા પંચાયતમાં બે બેઠકોમાં ભાજપ અને કોંગ્રેસને એક એક બેઠક મળી છે. મહેસાણાના વિજાપુર નગરપાલિકામાં ૨૮માંથી પાંચ બેઠકો બિનહરીફ થઈ હતી. જેમાં ભાજપે ૧૪ બેઠકો જીતી લીધી છે. ઉમરેઠ નગર પાલિકામાં ભાજપની જીત થઈ છે.

મહેસાણા જિલ્લા ભાજપ કાર્યાલય કમલમના પટાવાળાની જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)

મહેસાણા,તા.૨૮

મહેસાણા જિલ્લા ભાજપ કાર્યાલય કમલમના પટાવાળાની જીત થઈ છે. તેઓ હવે મનપાના કોર્પોરેટર બની ગયા છે. મહેસાણા મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૧૩માં ભાજપની પેનલનો વિજય થયો છે. આ વોર્ડમાં ભાજપ કમલમના પટાવાળા રમેશભાઈ ભીલ ભાજપના ઉમેદવાર હતા. ભાજપે મહેસાણા જિલ્લા ભાજપ કાર્યાલયના પટાવાળાને ટીકીટ આપી હતી. ૨૭ વર્ષથી ફરજ બજાવતા પટાવાળા રમેશ ભીલને ભાજપે ટિકિટ આપી છે. વોર્ડ નંબર ૧૩માંથી પટાવાળા રમેશ ભીલને ટિકિટ આપવામાં આવતાં તેઓ ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. હું અહીં ૨૭ વર્ષ પહેલા ૫૦૦ રૂપિયા પગારમાં પટાવાળા તરીકે જોડાયો હતો. અત્યાર સુધી આઠ પ્રમુખ જોયા છે. હું દિલથી કામ કરુ છુ. કોઈ કાર્યકરની પાણી-ચાની ફરિયાદ ન આવે તે પ્રમાણે નિષ્ઠાથી કામ કર્યું છે. નોકરી તો ચાલુ જ રહેશે. જો મિટિંગ હશે તો કોર્પોરેટર તરીકે હાજરી આપવાની પછી પાછા કામે લાગી જવાનું. નોકરી તો છોડવાની નથી.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

દેશમાં પર્યાવરણને હાનિ કરે નહીં એવા ઊર્જાસ્રોતો પર ભાર આપવો એ સમયની તાતી જરૂર

યુદ્ધવિરામ, વાટાઘાટ અને વિધાનસભાની ચૂંટણીઓનાં મથાળાં વચ્ચે એક મહત્ત્વના સમાચાર જરાક દબાઈ ગયા. ભારતે અણુઊર્જા પ્રવાસમાં ગયાં અઠવાડિયે એક મહત્ત્વનું સીમાચિહ્ન સર કર્યું. તામિલનાડુના કલ્પક્કમમાં પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટરે (એફબીઆર) ક્રિટિકાલિટીનો તબક્કો પાર કરી લીધો. સરળ શબ્દોમાં કહીએ, તો આ અણુભઠ્ઠીમાં જેટલી ઊર્જા વપરાય છે એના કરતાં વધુનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું છે અર્થાત્ આ રિએક્ટર અણુના વિભાજનની શૃંખલા જાતે ટકાવી રાખવા સક્ષમ બન્યું છે. આ રિએક્ટર હવે જાતે જ ઊર્જાનું સર્જન કરવા લાગ્યું છે. આ સાથે ભારત રશિયા પછી આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિશ્વનો માત્ર બીજો દેશ બની ગયો છે. આ સફળતા અનેક રીતે અનેરી છે, એક તો આ રિએક્ટરની ડિઝાઈનિંગ અને સર્જન સંપૂર્ણપણે ઘરઆંગણે થયું છે. પારંપારિક અણુ પ્લાન્ટને સક્રિય રાખવા માટે જરૂરી એવા યુરેનિયમનો જથ્થો આપણી પાસે અલ્પ છે, પણ વિશ્વભરમાં થોરિયમના કુલ જથ્થામાંથી ચોથા ભાગનો ભારત પાસે છે, જેનો ઉપયોગ એફબીઆરમાં અણુ ઈંધણ તરીકે થઈ શકે છે. હજી આપણે ત્યાં સુધી પહોંચ્યા નથી, પણ હાલનો હનુમાન કૂદકો આ દિશામાં પ્રથમ પગલાં સમાન છે. ભારત પાસે થોરિયમનો જે અનામત જથ્થો છે, તેના દ્વારા દર વર્ષે ૫૦૦ ગીગાવોટ વીજળીનું નિર્માણ થઈ શકે છે. ભારતની વીજળીની સર્વોચ્ચ માંગ ૨૦૨૪-૨૫માં હતી એના કરતાં બમણું એટલે ૫૦૦ ગીગાવોટ થાય, આમ આગામી ૪૦૦ વર્ષ સુધી ઊર્જા મોરચે આપણે આત્મનિર્ભર અથવા એટમનિર્ભર થઈ શકીએ એવી આ સ્થિતિ છે. ઊર્જાના મોરચે ભારત સામેનો પડકાર બેધારી તલવાર જેવો છે. વિકાસના ચક્રોને ફરતાં રાખવા અને વધુ ગતિમાન કરવા માટે ઊર્જાનું સર્જન વધારવું પડે એમ છે, તો બીજી તરફ આવું કરતી વખતે કાર્બન ઉત્સર્જન પણ હાથની બહાર જતું ન રહે એની દરકાર પણ રાખવાની છે. આના માટે નવા તથા પર્યાવરણને હાનિ કરે નહીં એવા ઊર્જાસ્રોતો પર ભાર આપવો એ સમયની તાતી જરૂર છે. આજે ૪૭ ટકા વીજળીના સર્જન માટે આપણે કોલસા જેવા સ્રોતો પર નિર્ભર છીએ. ન્યુક્લિયર પ્લાન્ટને કારણે પણ જોખમી કચરો નિર્માણ થાય છે, પણ તેના દ્વારા થતું કાર્બન ઉત્સર્જન નગણ્ય હોય છે. વળી, પારંપારિક ન્યુક્લિયર પ્લાન્ટના કચરાનો ઉપયોગ એફબીઆર ઈંધણ તરીકે કરતો હોવાથી અણુઊર્જા વધુ સ્વચ્છ ગણાય. એટમિક એનર્જી ખાતાએ વધુ ચાર એફબીઆર ઊભા કરવાની મંજૂરી આપી છે. ૫૦૦ મેગાવોટના બે રિએક્ટર તો કલ્પક્કમ ખાતે જ ઊભા થશે. ૨૦૪૭ સુધી દેશમાં થોરિયમનો ઉપયોગ થઈ શકે એવી અણુભઠ્ઠીઓની સંખ્યા તબક્કાવાર વધારવાની યોજના છે. ક્રિટિકાલિટીનો તબક્કો શરૂઆત છે, શક્યતાઓ અપાર છે. અલબત્ત, જોખમોનું ધ્યાન રાખી ક્રમશઃ આગળ વધતા રહી ભારત ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર થઈ શકશે, એમાં કોઈ શંકા નથી.

ભારત દુનિયાનો ૫મો સૌથી મોટો સૈન્ય ખર્ચ કરતો દેશ બન્યો: ઓપરેશન સિંદૂર બાદ સૈન્ય પાછળનો ખર્ચ વધ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૮

વર્ષ 2025માં દુનિયાભરમાં પોતાની સેનાઓ પર સૌથી વધુ ખર્ચ કરનારા દેશોની યાદીમાં ભારત પાંચમા સ્થાને રહ્યું છે. વૈશ્વિક સૈન્ય ખર્ચમાં ભારતની હિસ્સેદારી 3.2% રહી છે. પાકિસ્તાન આ મામલે ભારતની આસપાસ પણ ઊભેલું દેખાતું નથી. સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SIPRI) દ્વારા જાહેર કરવામાં આવેલા નવા રિપોર્ટ અનુસાર, અમેરિકા (USA), ચીન, રશિયા અને જર્મની આ લિસ્ટમાં ટોપ 4 દેશો છે. ત્યારબાદ ભારત 5મા નંબર પર છે. 2025માં ભારતનો સૈન્ય ખર્ચ 92.1 અબજ ડોલર રહ્યો, જે અગાઉના વર્ષની સરખામણીમાં 8.9% વધુ છે. આ વધારાનું એક મોટું કારણ પાકિસ્તાન વિરુદ્ધ ચલાવવામાં આવેલું ઓપરેશન સિંદૂર હતું. આ સૈન્ય અભિયાન દરમિયાન સેનાને યુદ્ધ માટે સંપૂર્ણ રીતે તૈયાર રાખવા સશસ્ત્ર દળોએ તાત્કાલિક ધોરણે હથિયારો અને સાધનસામગ્રીની ઘણી મહત્વપૂર્ણ ખરીદીઓ કરી હતી. સિપરી (SIPRI)ના આંકડા દર્શાવે છે કે, ભારતના પાડોશી દેશોએ પણ પોતાની સેના પર ખર્ચ વધાર્યો છે. દુનિયામાં બીજો સૌથી મોટો સૈન્ય ખર્ચ કરતો દેશ ચીન છે. તેણે પોતાના સંરક્ષણ બજેટમાં 7.4%નો વધારો કર્યો છે, જેનાથી તેનો કુલ ખર્ચ 336 અબજ ડોલર થઈ ગયો છે. જ્યારે પાકિસ્તાને આર્થિક પડકારો હોવા છતાં સૈન્ય ખર્ચમાં 11% નો વધારો જોવા મળ્યો છે. માત્ર 11.9 અબજ ડોલરના ખર્ચ સાથે પાકિસ્તાન આ 40 દેશોની યાદીમાં 31મા સ્થાને છે. સૈન્ય પાછળ ખર્ચ કરનાર ટોચના ત્રણ દેશોમાં અમેરિકા, ચીન અને રશિયા મળીને વૈશ્વિક સૈન્ય ખર્ચનો 51% હિસ્સો કવર કરે છે. આ ત્રણેય દેશોએ કુલ 1,480 અબજ ડોલરનો ખર્ચ કર્યો છે. વર્ષ 2025માં આખી દુનિયાનો સૈન્ય ખર્ચ વધીને 2,887 અબજ ડોલરના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે.

સૈન્ય અભિયાન દરમિયાન સેનાને યુદ્ધ માટે સંપૂર્ણ રીતે તૈયાર રાખવા સશસ્ત્ર દળોએ તાત્કાલિક ધોરણે હથિયારો અને સાધનસામગ્રીની ઘણી મહત્વપૂર્ણ ખરીદીઓ કરી

વૈશ્વિક સ્તરે ખર્ચ વધવાનું સૌથી મોટું કારણ યુરોપ રહ્યું, જ્યાં સૈન્ય ખર્ચમાં 14% નો વધારો (કુલ 864 અબજ ડોલર) થયો છે. રશિયા-યુક્રેન યુદ્ધના ચોથા વર્ષમાં પ્રવેશવા અને નાટો (NATO) દેશો દ્વારા શસ્ત્રસજ્જ થવાની કોશિશોને કારણે શીત યુદ્ધ (Cold War) પછી યુરોપમાં આ સૌથી ઝડપી વાર્ષિક વધારો છે. માર્ચમાં પ્રકાશિત સિપરીના અન્ય એક રિપોર્ટ "ટ્રેન્ડ્સ ઇન ઇન્ટરનેશનલ આર્મ્સ ટ્રાન્સફર્સ" અનુસાર, 2016-20 અને 2021-25ના સમયગાળા વચ્ચે ભારતની હથિયારોની આયાતમાં 4% નો ઘટાડો આવ્યો છે.આયાતમાં સ્થાન: ઘટાડા છતાં, ભારત હજુ પણ સૈન્ય હાર્ડવેરની આયાત કરતો દુનિયાનો બીજો સૌથી મોટો દેશ (Importer) છે. વૈશ્વિક હથિયાર આયાતમાં તેનો હિસ્સો 8.2% છે. તેનું મુખ્ય કારણ ચીન અને પાકિસ્તાન સાથે સરહદ પર ચાલી રહેલો તણાવ છે. જો કે, છેલ્લા એક દાયકામાં ભારતે પોતાની ખરીદ નીતિમાં મોટો ફેરફાર કર્યો છે. ભારત હવે રશિયાને બદલે પશ્ચિમી દેશો (ખાસ કરીને ફ્રાન્સ, ઇઝરાયલ અને અમેરિકા) તરફ વળી રહ્યું છે.ભારતની કુલ હથિયાર આયાતમાં રશિયાનો હિસ્સો 2011-15માં 70% હતો, જે 2016-20માં ઘટીને 51% અને 2021-25 માં 40% રહી ગયો છે. આમ છતાં, વર્તમાનમાં ભારતને સૈન્ય હાર્ડવેર પૂરા પાડતા ટોચના ત્રણ દેશો રશિયા, ઝાન્સ અને ઇઝરાયલ જ છે. ઓપરેશન સિંદૂરની પૃષ્ઠભૂમિ અને વર્તમાન પડકારોને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે 1 ફેબ્રુઆરીએ રજૂ કરેલા 2026-27ના કેન્દ્રીય બજેટમાં સંરક્ષણ ક્ષેત્ર માટે મસમોટી રકમ ફાળવી છે.

અરાઘચીએ રશિયાને ઉમદા મિત્ર ગણાવ્યું

US નાકાબંધી હટાવે તો હોર્મુઝની ખાડી ખોલીશું: ઈરાને નાક દબાવ્યું

ઈરાનની મંજૂરી અને ચૂકવણા બાદ જ જહાજને જવા દેવાનો નિર્ણય સ્વીકારી શકાય નહીં: રૂબિયો



(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૨૮: US-ઈરાન વચ્ચે બીજા તબક્કાની વાટાઘાટો શરૂ કરવાના પ્રયાસોમાં મળી રહેલી નિષ્ફળતાઓ સાથે બંને દેશ વચ્ચેના

સંબંધોમાં તણાવ વધી રહ્યો છે. હોર્મુઝની ખાડી ખોલવાની શરતી તૈયારી દર્શાવતા ઈરાને કહ્યું હતું કે, US દ્વારા થયેલી ઈરાનની નાકાબંધી હટાવી દેવાય અને યુદ્ધનો અંત લવાય તો આંતરરાષ્ટ્રી જળમાર્ગને અવરોધમુક્ત કરવા ઈરાન તૈયાર છે.

ઈરાનના પરમાણુ કાર્યક્રમ મુદ્દે હાલ ચર્ચાની જરૂર નથી. વાટાઘાટોના આગામી તબક્કામાં તેને સમાવવો જોઈએ. ઈરાનના આ પ્રસ્તાવને ફગાવી દેતાં અમેરિકાએ એલાન કર્યું હતું કે, હોર્મુઝની ખાડીમાં ઈરાનની જોહુકમી સહેજ પણ સાંખી લેવાશે નહીં. તાજેતરમાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી બે વખત પાકિસ્તાનમાં વાટાઘાટો માટે ગયા હતા. જેના પગલે પાકિસ્તાન તરફથી અમેરિકાને શાંતિ પ્રસ્તાવના મુદ્દા મોકલવામાં આવ્યા હતા, પરંતુ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને આ મુદ્દા સ્વીકાર્ય નથી. હોર્મુઝની ખાડી ખોલવાના પ્રસ્તાવ સંદર્ભે US સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, હોર્મુઝની ખાડીને ખોલવાના પ્રસ્તાવમાં પણ ઈરાનની જોહુકમી દેખાય છે. ઈરાનની મંજૂરી લેવાય અને ચૂકવણી થાય તો હોર્મુઝના જળમાર્ગમાંથી જહાજ પસાર થઈ શકે, ઈરાન સાથે વાત ન થઈ હોય તો તેને ફૂંકી મારવામાં આવશે, તેમ ઈરાન કહે છે. આ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને ઈરાને જે રીતે આ જળમાર્ગને ફરી ખોલવાનો નિર્ણય લીધો છે, તે કોઈપણ રીતે સ્વીકારી શકાય તેમ નથી. હોર્મુઝની ખાડીના મુદ્દે ઈરાન-US વચ્ચે મડાગાંઠ સર્જાયેલી છે અને તેના કારણે ગેસ-પેટ્રોલના વૈશ્વિક સપ્લાયમાં તકલીફો ઊભી થઈ છે. US સૈન્ય દ્વારા નાકાબંધી કરાઈ હોવાથી ઈરાન માટે ઓઈલ વેચવાનું અઘરું બન્યું છે અને તેના કારણે આર્થિક ફટકો પડ્યો છે. ઈરાનમાં ઓઈલ સ્ટોરેજની જગ્યાઓ ભરાઈ ગઈ હોવાથી હવે ઉત્પાદન બંધ કરવું પડે તેવી સ્થિતિ છે. ઈરાનને પડી રહેલી તકલીફો વચ્ચે ટ્રમ્પ પર આ ખાડીને ખોલવા દબાણ વધી રહ્યું છે. USમાં મધ્યવર્તી ચૂંટણી થવાની છે અને સાથી ખાડી દેશોમાં પણ ગેસ-ઓઈલની નિકાસ અટકી પડી છે. સમગ્ર વૈશ્વિક અર્થતંત્રમાં હોર્મુઝની ખાડી બંધ રહેતા વિપરિત અસર પડી છે. ફર્ટિલાઈઝર, ખાદ્ય વસ્તુઓ તથા પાયાની ચીજોના ભાવ વધી રહ્યા છે. ટ્રમ્પનું માનવું છે કે, પરમાણુ શસ્ત્રો વિકસાવવાની ઈરાનની ક્ષમતા નષ્ટ કરવાના હેતુથી આ યુદ્ધ શરૂ થયુ હતું, પરંતુ હવે ઈરાન આ મુદ્દાને વિલંબમાં મૂકવા માગે છે. પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ હોવાના દાવા ઈરાન કરી રહ્યું છે, પરંતુ અમેરિકાને ઈરાનમાં રહેલા એનરિચ્ડ યુરેનિયમની ચિંતા છે. તેની મદદથી ઈરાન પરમાણુ બોમ્બ બનાવી શકે છે. પરમાણુ કાર્યક્રમો યથાવત રાખવા કે પછી શાંતિ કરારના માર્ગે આગળ વધવું તે હવે ઈરાને નક્કી કરવાનું છે. આમ, યુદ્ધ વિરામની વચ્ચે પણ બંને દેશના વિરોધાભાસી વલણથી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ ઊભી થયેલી છે. અમેરિકા સાથે બીજા તબક્કાની વાટાઘાટો સંદર્ભે અરાઘચીએ કહ્યું હતું કે, વાટાઘાટોની દિશામાં નોંધપાત્ર પ્રગતિ સધાઈ છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ પાકિસ્તાન અને ઓમાન બાદ રશિયાની મુલાકાત લીધી હતી. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન અને વિદેશ મંત્રી સર્જીયે લાવરોવ સાથે વાટાઘાટો દરમિયાન રશિયાએ મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવા શક્ય તમામ પ્રયાસની ખાતરી આપી હતી.

મોરબી મહાનગરપાલિકાની તમામ બેઠકો પર ભાજપની જીત

ભાજપે તમામ પર બેઠકો પર ભવ્ય જીત મેળવીને ક્લીન સ્વીપ કર્યો છે બીજી બાજુ, કોંગ્રેસ ખાતું ખોલાવ્યા વગર 'શૂન્ય' પર જ સમેટાઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મોરબી, તા.૨૮:** ગુજરાતમાં નવી મહાનગરપાલિકાઓની રચના થઈ, ત્યારે મોરબીને પણ મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ૨૬ એપ્રિલ ૨૦૨૬ ના રોજ જ્યારે સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ હતી, ત્યારે આ નવી મનપાના કુલ ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકો પર પણ મતદાન યોજાયું હતું. આજે (૨૮ એપ્રિલ) આ ચૂંટણીના પરિણામ જાહેર થયા છે, જેમાં ભાજપે તમામ ૫૨ બેઠકો પર ભવ્ય જીત મેળવીને ક્લીન સ્વીપ કર્યો છે. બીજી બાજુ, કોંગ્રેસ ખાતું ખોલાવ્યા વગર 'શૂન્ય' પર જ સમેટાઈ ગઈ છે.

નોંધનીય છે કે, મોરબી મહાનગરપાલિકામાં કુલ ૨,૦૮,૪૭૦ મતદારો નોંધાયેલા છે, જેમાં ૧,૦૮,૫૭૯ પુરુષ મતદારો અને ૯૯,૮૯૧ મહિલા મતદારો સામેલ છે. બીજી બાજુ, કેટલા મતદારોએ મત આપ્યો હતો તે અંગે વાત કરીએ તો ૧૩૬,૮૬૮ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં, ૭૫,૭૦૪ મત પુરુષ મતદારોના જ્યારે ૬૧,૧૬૪ મત મહિલા મતદારોએ આપ્યા હતા.

બોરસદ નગરપાલિકામાં મોટો ઉલટફેર: અપક્ષો ૧૮ બેઠક જીતી સૌથી મોટો પક્ષ બન્યો

ભાજપને ૧૭ અને આપને ૧ બેઠક મળી

અપક્ષ ઉમેદવારો સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવતા હવે સત્તાની ચાવી તેમના હાથમાં આવી ગઈ છે

બોરસદની જનતાએ બતાવ્યો પરિવર્તનનો સ્પષ્ટ મિજાજ

(સંપૂર્ણ સમાચાર સેવા) **આણંદ,તા.૨૮:** આણંદ જિલ્લાની બોરસદ નગરપાલિકાની ચૂંટણીના પરિણામોએ સ્થાનિક રાજકારણમાં મોટો ઉલટફેર સર્જ્યો છે. રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી રમણ સોલંકીના જ ગઢ ગણાતા આ વિસ્તારમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. અહીં કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી, પરંતુ અપક્ષ ઉમેદવારો સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવતા હવે સત્તાની ચાવી તેમના હાથમાં આવી ગઈ છે.પરિણામોના આંકડા પર નજર કરીએ તો, આ ચૂંટણીમાં ભાજપને ૧૭ બેઠકો, અપક્ષોને ૧૮ બેઠકો અને આમ આદમી પાર્ટી (AAP)ને ૧ બેઠક પર જીત મળી છે. નવાઈની વાત એ છે કે, ખુદ કેબિનેટ મંત્રી જેવા કદાવર નેતાના મતવિસ્તારમાં જ ભાજપ બહુમતીના આંકડાથી દૂર રહી ગયું છે. ભાજપના શાસન સામે જાણે લોકોએ મોરચો માંડ્યો હોય તેમ, સ્થાનિક જનતાએ અપક્ષો પર પસંદગીનો કળશ ઢોળ્યો છે અને તેમને સૌથી વધુ બેઠકો આપીને મજબૂત સ્થિતિમાં લાવી દીધા છે. હવે સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે બોરસદમાં સત્તાનું સુકાન કોણ સંભાળશે? ભાજપ અને અપક્ષ બંનેને બહુમતી માટે આંકડાની જરૂર છે. આવી રસાકસીભરી સ્થિતિમાં સત્તા બનાવવા માટે અપક્ષો અને 'આપ' ના ૧ વિજેતા ઉમેદવારની ભૂમિકા ખૂબ જ નિર્ણાયક બની રહેશે. એકંદરે, બોરસદની જનતાએ આ વખતે પરિવર્તનનો સ્પષ્ટ મિજાજ બતાવ્યો છે. હવે આવનારા દિવસોમાં સત્તા મેળવવા માટે કેવા નવા ગઠબંધન અને સ્થાનિક સમીકરણો રચાય છે, તેના પર સૌની નજર મંડાયેલી રહેશે.

વડોદરા જિલ્લા પંચાયત: ભાજપના બુલડોઝર સામે કોંગ્રેસના સુપડાં સાફ

ભાજપના પ્રચંડ વિજય સામે વિપક્ષના તમામ ગણિતો ઊંધા પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

વડોદરા,તા.૨૮: વડોદરા જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામોએ રાજકીય વર્તુળોમાં હડકંપ મચાવી દીધો છે. ભાજપે અહીં વિરોધ પક્ષના અસ્તિત્વને લગભગ મિટાવી દઈને ૩૪માંથી ૩૨ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો છે. બીજી તરફ, ગુજરાતના રાજકારણનો સૌથી જૂનો પક્ષ કોંગ્રેસ એટલી હદે ફટકો પડ્યો છે કે હવે તેના સભ્યો 'ટુ-વ્હીલર' પર બેસીને પંચાયત પહોંચે તેવી સ્થિતિ સર્જાઈ છે. વડોદરા જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકોમાંથી ૪ બેઠકો પર ભાજપના ઉમેદવારો અગાઉથી જ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. બાકીની ૩૦ બેઠકો પર યોજાયેલા ૭૨.૨૫% મતદાનમાં મતદારોએ ભાજપ પર અતૂટ વિશ્વાસ મૂક્યો છે. ભાજપના આ પ્રચંડ વિજય સામે વિપક્ષના તમામ ગણિતો ઊંધા પડ્યા છે.

કોંગ્રેસના ગઢ ગણાતા વિસ્તારોમાં પણ ભાજપનું ગાબડું જોવા મળ્યું છે. આખા જિલ્લામાંથી કોંગ્રેસના માત્ર બે જ ઉમેદવારો વિજયી બન્યા છે. શિનોર બેઠકથી પ્રહલાદભાઈ પટેલ અને વલણ બેઠકથી અમીશાબેન વસાવા. આ બે બેઠકો સિવાય જિલ્લામાં ક્યાંય પણ પંજાનો પ્રભાવ જોવા મળ્યો નથી. ઐતિહાસિક રીતે આ કોંગ્રેસનો સૌથી નબળો દેખાવ માનવામાં આવે છે.

રાજકીય વિશ્લેષકો અને ખુદ કોંગ્રેસના સૂત્રો મુજબ, આ પરાજય પાછળ મુખ્ય બે કારણો જવાબદાર છે. પક્ષના મોટા નેતાઓ અને પાયાના કાર્યકરો વચ્ચે કોઈ તાલમેલ જોવા મળ્યો નહોતો. ઉમેદવારોની પસંદગી વખતે વહાલા-દવલાની નીતિ અપનાવવામાં આવી હોવાથી પક્ષમાં અંદરખાને ભારે અસંતોષ હતો, જેની સીધી અસર પરિણામો પર પડી છે. પરિણામો બાદ કોંગ્રેસ છાવણીમાં સન્નાટો વ્યાપી ગયો છે. વર્ષો સુધી સત્તા ભોગવનાર પક્ષને માત્ર ૨ બેઠકો મળતા કાર્યકરોમાં નિરાશા છે. હવે આગામી પાંચ વર્ષ સુધી વડોદરા જિલ્લા પંચાયતમાં ભાજપનું એકહથ્થુ શાસન રહેશે અને વિપક્ષ માત્ર નામ પૂરતો જ મર્યાદિત રહેશે.

અંબાજીમાં મોટો રાજકીય પલટો

ભાજપના ગઢમાં ૪૦ વર્ષ બાદ કોંગ્રેસની જીત થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અંબાજી,તા.૨૮

ઉત્તર ગુજરાતના યાત્રાધામ અંબાજીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અચંબિત કરનારું પરિણામ સામે આવ્યું છે. છેલ્લા ચાર દાયકાથી મજબૂત ગણાતો ભાજપનો ગઢ આ વખતે હચમચી ગયો છે અને તાલુકા પંચાયતની મહત્વપૂર્ણ ત્રણ બેઠકો પર કોંગ્રેસે ભવ્ય જીત નોંધાવી છે. આ પરિણામ માત્ર સીટોની જીત નહીં, પરંતુ સ્થાનિક સ્તરે ઉભેલા અસંતોષ અને રાજકીય સંદેશનું પ્રતિબિંબ માનવામાં આવી રહ્યું છે.

અંબાજી વિસ્તાર પરંપરાગત રીતે ભાજપ માટે મજબૂત મતદારોનો વિસ્તાર માનવામાં આવતો હતો. પરંતુ આ ચૂંટણીમાં મતદારોના મિજાજમાં સ્પષ્ટ ફેરફાર જોવા મળ્યો છે. ખાસ કરીને અંબાજી કોરિડોર પ્રોજેક્ટને લઈને સ્થાનિકોમાં રહેલો રોષ આ પરિણામ પાછળનું મુખ્ય કારણ માનવામાં આવે છે. વિકાસના નામે થતી કામગીરીઓ દરમિયાન અનેક પરિવારોને સ્થળાંતર અથવા ઘરો ગુમાવવાની સ્થિતિ સર્જાઈ હતી, જેને લઈને લોકોમાં અસંતોષ વધ્યો હતો.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો આજે જાહેર કરવામાં આવ્યા છે. દાંતા તાલુકાની આદર્શ સ્કૂલ ખાતે યોજાયેલી મતગણતરીમાં અંબાજી તાલુકા પંચાયતની બેઠક નંબર ૧, ૨ અને ૩ પર કોંગ્રેસના ઉમેદવારોનો શાનદાર વિજય થયો છે. જ્યારે જિલ્લા પંચાયતની અંબાજી બેઠક ઉપર પણ કોંગ્રેસના ઉમેદવાર જયાબેન ગઢવીનો ભવ્ય વિજય થયો છે. આ બેઠકો પર વર્ષોથી ભાજપનું પ્રભુત્વ હતું, પરંતુ આ વખતે કોંગ્રેસે આ મજબૂત ગઢમાં ગાબડું પાડ્યું છે. હંમેશા ભાજપ તરફી રહેતા મતદારોએ આ વખતે પરિવર્તન લાવીને કોંગ્રેસ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સ્થાનિક લોકોનો મત છે કે વિકાસના પ્રોજેક્ટોમાં તેમની સાથે પૂરતો સંવાદ કરવામાં આવ્યો નહીં. "અમારી ઉપર વિકાસ થોપવામાં આવ્યો" જેવી લાગણીઓ મતદારોમાં પ્રબળ બની હતી. આ અસંતોષ મતદાનમાં સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થયો છે. મતદારો દ્વારા આ નિર્ણયને એક સંદેશ તરીકે જોવામાં આવી રહ્યો છે કે વિકાસની પ્રક્રિયામાં લોકોની સહમતી અને ભાગીદારી અનિવાર્ય છે. માત્ર કોરિડોર પ્રોજેક્ટ જ નહીં, પરંતુ મંદિર વહીવટ અને સ્થાનિક પ્રશાસન પ્રત્યેની અસંતોષની લાગણીઓ પણ ચૂંટણીમાં અસરકારક બની હોવાનું માનવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં સત્તાના અહંકાર અને સામાન્ય લોકો સાથેના વર્તન અંગે પ્રશ્નો ઊભા થયા હતા, જે મતદારોના નિર્ણયને પ્રભાવિત કરનાર તત્વ તરીકે સામે આવ્યા છે.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે આ પરિણામ રાજ્યની રાજનીતિ માટે પણ મહત્વપૂર્ણ સંકેત છે. સ્થાનિક સ્તરે ઉભેલા મુદ્દાઓ જો સમયસર ઉકેલવામાં ન આવે, તો તે મોટા રાજકીય ફેરફારોનું કારણ બની શકે છે. તે અંબાજીના પરિણામે દર્શાવ્યું છે કે મતદારો હવે માત્ર પક્ષના આધારે નહીં, પરંતુ સ્થાનિક મુદ્દાઓ અને પોતાના હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણય લઈ રહ્યા છે. અંબાજી વિસ્તાર સામાન્ય રીતે ભાજપનો ગઢ માનવામાં આવે છે, પરંતુ આ વખતે કોંગ્રેસે ભાજપના ગઢમાં જ મોટું ગાબડું પાડી રાજકીય સમીકરણોમાં ફેરફાર કર્યો છે. વિજય બાદ કોંગ્રેસના ઉમેદવારો અને કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો, અને અંબાજીમાં ભવ્ય વિજય સરઘસ પણ યોજાયું હતું. જોકે હજી તમામ સીટોનું સમીકરણ જોઈએ તો ભાજપની કુલ ત્રણ અને કોંગ્રેસની કુલ ચાર બેઠકો જાહેર થવા પામેલ છે જ્યારે કુલ ૨૦ બેઠકોમાંથી આ સાત બેઠકોનું પરિણામ જાહેર થયું છે. પછી બાકી જ્યારે કાઉન્ટિંગ ચાલુ છે ત્યારે જોવાનું એ રહેશે આખરે તાલુકા પંચાયત કોની બને છે.

દિલ્હીમાં મોટું આતંકી કાવતરું નિષ્ફળ : ૧૮ અત્યાધુનિક હથિયારો સાથે ૯ શખ્સોની ધરપકડ

એજન્સીઓએ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળની શંકાસ્પદ સીમા પારના ગેંગની તપાસ કર્યા બાદ ૯ લોકોની ધરપકડ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૮

ભારતીય સુરક્ષા એજન્સીઓએ દિલ્હીમાં ભયાનક તબાહી મચાવવાના ષડયંત્રને નિષ્ફળ બનાવી વિદેશમાં સંપર્ક ધરાવતા ૯ લોકોની ધરપકડ કરી છે. ચોંકાવનારી વાત એ છે કે, તેઓ પાસેથી ૧૮ અત્યાધુનિક હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. આ ગેંગ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળમાં સંપર્ક ધરાવતી હોવાનો અને ત્યાંથી હથિયારો ભારતમાં ઘૂસાડતા હોવાનો ખુલાસો થયો છે.

એજન્સીઓએ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળની શંકાસ્પદ સીમા પારના ગેંગની તપાસ કર્યા બાદ ૯ લોકોની ધરપકડ કરી છે. તપાસમાં એવી માહિતી સામે આવી છે કે, ઝડપાયેલા આ લોકો ત્રણેય દેશોની અંદર સંપર્ક ધરાવતા હતા અને તેઓ મુંગેરના રસ્તે અનેક રાજ્યોમાં હથિયારો પહોંચાડવાની ફિરાકમાં હતાં. આ મામલામાં NIAના વોન્ટેડ આરોપી શાહબાજ અંસારીનો હાથ હોવાની પણ એજન્સી તપાસ કરી રહી છે.

તાજેતરમાં જ ISIના ઈશારે કામ કરનારા બે ગેંગસ્ટરની નોઈડામાંથી ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને યુવાઓને ભડકાવવાનું, સ્લીપર સેલ બનાવવાનું અને મહત્ત્વના સ્થળોની તપાસ કરવામાં સામેલ હતા. તેઓનો ઉદ્દેશ્ય ભારતને નુકસાન પહોંચાડવાનો અને ટાર્ગેટ કિલિંગને અંજામ આપવાનો હતો. હથિયારો ભારતમાં ઘૂસાડવાના મામલામાં ઉત્તર પ્રદેશના રહેવાસી અને NIAના વોન્ટેડ આરોપી શાહબાજ અંસારીનો હાથ હોવાની આશંકા બાદ એજન્સીઓએ તેની તપાસ શરૂ કરી દીધી છે. NIAની તપાસમાં પંજાબના જાણીતા સિંગર સિદ્ધુ મુસેવાલાની હત્યામાં ઉપયોગ થયેલા હથિયારો શાહબાજે જ સપ્લાય કર્યા હોવાનું સામે આવ્યું હતું, ત્યારબાદ શાહબાજ વોન્ટેડ છે.

ઉનાવા પોલીસે બાતમી આધારે હોટેલમાંથી ઝડપી પાડ્યો

પાકિસ્તાનનો અફઘાનિસ્તાન પર મોટો હુમલો! : સાતનો મોતનો દાવો

ચાલુ મહિનામાં જ ચીનના મધ્યસ્થીથી બંને દેશો વચ્ચે શાંતિ જાળવી રાખવા માટે ચર્ચા થઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા.૨૮

પાકિસ્તાની સેનાએ સોમવારે અફઘાનિસ્તાનના કુનાર પ્રાંત પર અચાનક મિસાઈલ અને મોર્ટાર વડે હુમલો કરતા ગંભીર સ્થિતિ સર્જાઈ છે. અફઘાનિસ્તાનના દાવા મુજબ, આ હુમલામાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત નિપજ્યાં, જ્યારે ૮પથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ મહિનાની શરૂઆતમાં ચીનના ઉરુમકીમાં યોજાયેલી શાંતિ મંત્રણા બાદ આ પહેલી મોટી હિંસક ઘટના છે, જેના કારણે બંને દેશો વચ્ચેના સંબંધોમાં ફરી ખટાશ આવી છે.

અફઘાન સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની સેનાએ કુનાર પ્રાંતના અસદાબાદ શહેરમાં રહેણાંક મકાનો અને સૈયદ જમાલુદ્દીન અફઘાની યુનિવર્સિટીને નિશાન બનાવી હતી. ઈજાગ્રસ્ત થયેલા ૮પ લોકોમાં મહિલાઓ, માસૂમ બાળકો, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોનો સમાવેશ થાય છે. રહેણાંક મકાનોમાં મિસાઈલો પડવાને કારણે મોટી માત્રામાં માલ-મિલકતને નુકસાન પહોંચ્યું છે અને સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ છે. બંને દેશોનો પક્ષ અફઘાનિસ્તાનના અધિકારીઓએ પાકિસ્તાનની આ કાર્યવાહીની સખત શબ્દોમાં નિંદા કરી છે. તેમણે આ હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઉલ્લંઘન અને 'યુદ્ધ અપરાધ' ગણાવ્યો છે. બીજી તરફ, પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાનના આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે.

પાકિસ્તાને ખાસ કરીને યુનિવર્સિટીને નિશાન બનાવવાના આરોપને સ્પષ્ટપણે નકારી કાઢતા તેને ખોટી માહિતી ગણાવી છે. ચાલુ મહિનામાં જ ચીનના મધ્યસ્થીથી બંને દેશો વચ્ચે શાંતિ જાળવી રાખવા માટે ચર્ચા થઈ હતી. જોકે, આ તાજા હુમલા બાદ શાંતિ મંત્રણા નિષ્ફળ જતી દેખાઈ રહી છે. આ હુમલાના વિરોધમાં અફઘાનિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાન વિરુદ્ધ કડક વલણ અપનાવી શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટ બંધ થતા પાકિસ્તાનની હાલત કફોડી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૮

પાકિસ્તાન હાલમાં અત્યંત ગંભીર ઊર્જા સંકટનો સામનો કરી રહ્યું છે, જેના કારણે સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો છે. પાકિસ્તાન સરકારના જણાવ્યા અનુસાર, દેશમાં ક્રૂડ ઓઈલનો સ્ટોક માત્ર પથી ૭ દિવસ ચાલે તેટલો જ બચ્યો છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે દેશ પાસે પેટ્રોલનો એક દિવસનો પણ રિઝર્વ સ્ટોક નથી, જ્યારે ડીઝલનો જથ્થો ૨૬-૨૮ દિવસ અને LPGનો સ્ટોક માત્ર ૧પ દિવસ ચાલે તેટલો જ છે. આ સંકટના પગલે પાકિસ્તાન એરલાઈન્સ માટે ઈંધણની અછતની ચેતવણી(NOTAM) જારી કરનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.

આ સંકટનું મુખ્ય કારણ મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધતો તણાવ છે. ઈરાને વ્યાપારી જહાજો માટે હોર્મુઝ સ્ટ્રેટનો દરિયાઈ માર્ગ લગભગ બંધ કરી દીધો છે, જ્યાંથી દુનિયાનું ૨૦% ક્રૂડ ઓઈલ પસાર થાય છે. પાકિસ્તાન પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મુખ્યત્વે સાઉદી અરેબિયા અને કુવૈત જેવા ખાડી દેશો પર નિર્ભર હોવાથી સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. વધતા જોખમને કારણે ઓઈલ લાવતા જહાજોના વીમાના દરો પણ ૩૦,૦૦૦ ડૉલરથી વધીને ૪,૦૦,૦૦૦ ડૉલર સુધી પહોંચી ગયા છે, જેના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા છે.

આ કપરી પરિસ્થિતિમાં ઈંધણ બચાવવા માટે શાહબાઝ શરીફ સરકાર દેશમાં 'કોવિડ કાળ' જેવા કડક નિયમો લાગુ કરવા પર વિચાર કરી રહી છે. પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવા માટે શાળાઓ અને કોલેજો બંધ કરી શિક્ષણ ફરી ઓનલાઈન મોડ પર લઈ જવાની તેમજ સરકારી અને કોર્પોરેટ ઓફિસોમાં 'વર્ક ફ્રોમ હોમ' આપવાની યોજના છે. આ ઊર્જા સંકટને કારણે મોંઘવારીમાં મોટો ઉછાળો આવવાની શક્યતા છે, જે પાકિસ્તાનની પહેલેથી જ ખખડધજ થયેલી અર્થવ્યવસ્થા માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે.

ઈરાન યુદ્ધ વચ્ચે પહેલીવાર LNG ટેન્કર પાર કર્યું હોર્મુઝ

મહિનાથી ગાયબ થયેલું ટેન્કર અચાનક ભારત નજીક પહોંચ્યું

સિગ્નલ બંધ કરી દીધું હતું, જેથી તેને ટ્રેક ન કરી શકાય હોર્મુઝ પસાર કર્યા પછી જહાજે ફરીથી પોતાનું સિગ્નલ ચાલુ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૮

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ફેબ્રુઆરીના અંતથી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વ ધરાવતી હોર્મુઝ સ્ટ્રેટ લગભગ બંધ જેવી સ્થિતિમાં છે. આ તણાવપૂર્ણ સ્થિતિમાં ઈરાને ભારત જેવા મિત્ર દેશોના કેટલાક જહાજોને પસાર થવાની મંજૂરી આપી છે, તેમ છતાં સેંકડો જહાજો હજુ પણ ત્યાં અટવાયેલા છે. જોકે, આ દરમિયાન ભારત માટે એક મોટા અને પોઝિટિવ સમાચાર સામે આવ્યા છે. અત્યાર સુધી હોર્મુઝમાંથી માત્ર તેલ અને એલપીજીના જહાજો જ નીકળી શક્યા હતા, પરંતુ યુદ્ધ શરૂ થયા બાદ હવે પ્રથમ વખત એલએનજી (લિક્વિફાઈડ નેચરલ ગેસ) ભરેલું એક વિશાળ ટેન્કર હોર્મુઝ પાર કરીને ભારતના દરિયાકાંઠે પહોંચ્યું છે.

રોયટર્સ અને જહાજ ટ્રેકિંગ ડેટાના રિપોર્ટ અનુસાર, યુએઈની એડીએનઓસી (ADNOC) દ્વારા સંચાલિત આ એલએનજી ટેન્કર હાલમાં ભારતના પશ્ચિમ કિનારે જોવા મળ્યું છે. ૧,૩૬,૩૫૭ ઘન મીટરની ક્ષમતા ધરાવતું આ જહાજ ૩૦ માર્ચ પછી અચાનક ગાયબ થઈ ગયું હતું. તપાસમાં જાણવા મળ્યું છે કે, આ જહાજે હોર્મુઝ સ્ટ્રેટ સુરક્ષિત રીતે પાર કરવા માટે એક ખાસ વ્યૂહનીતિ અપનાવી હતી અને પોતાનું સિગ્નલ બંધ કરી દીધું હતું, જેથી તેને ટ્રેક ન કરી શકાય. હોર્મુઝ પસાર કર્યા પછી જહાજે ફરીથી પોતાનું સિગ્નલ ચાલુ કર્યું, જેનાથી તેના સફળતાપૂર્વક પસાર થવાની પુષ્ટિ થઈ છે. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન યુદ્ધ શરૂ થયા પછી આ પ્રથમ ઘટના છે જ્યારે ગેસથી ભરેલું કોઈ ટેન્કર સુરક્ષિત બહાર આવ્યું હોય.એલએનજી એ કુદરતી ગેસ છે જેને -162°C તાપમાન પર ઠંડો કરીને પ્રવાહી બનાવવામાં આવે છે, જેથી તેને સરળતાથી ટ્રાન્સપોર્ટ કરી શકાય. ભારત પોતાની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂરો કરે છે અને દુનિયાનો ચોથો સૌથી મોટો એલએનજી ખરીદનાર દેશ છે. આ ગેસનો ઉપયોગ વીજળી ઉત્પાદન, ખાતર ઉદ્યોગ, સ્ટીલ, સિમેન્ટ અને ઘરગથ્થુ રસોઈ ગેસ તરીકે કરવામાં આવે છે. ભારત મુખ્યત્વે કતાર, અબુ ધાબી, ઓમાન અને અમેરિકા જેવા દેશો પર નિર્ભર છે. યુદ્ધની સ્થિતિમાં આ રીતે સુરક્ષિત રીતે ગેસનો પુરવઠો ભારત પહોંચવો એ દેશની ઊર્જા સુરક્ષા માટે ખૂબ જ મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે.

લિબિયામાં મોટી સફળતા : જમીનમાં ૮૪૪૦ ફૂટ નીચે ભારતીય કંપનીને મળ્યો ઓઈલ અને ગેસનો ભંડાર

આ કૂવામાંથી દરરોજ ૧૩ મિલિયન ક્યુબિક ફૂટ ગેસ અને ૩૨૭ બેરલ કન્ડેન્સેટ(ઓઇલ જેવું પ્રવાહી) મેળવી શકાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૮

ભારતના ઊર્જા ક્ષેત્ર માટે સારા સમાચાર મળ્યા છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સોશિયલ મીડિયા પર માહિતી આપી છે કે, આફ્રિકન દેશ લિબિયામાં ભારતીય કંપનીઓને ક્રૂડ ઓઈલ અને ગેસનો નવો ભંડાર મળ્યો છે. આ મહત્ત્વની શોધ લિબિયાના ગદામસ બેસિન વિસ્તારમાં થઈ છે. આ પ્રોજેક્ટમાં ભારતની જાણીતી કંપનીઓ 'ઓઈલ ઈન્ડિયા લિમિટેડ' અને 'ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ' ભાગીદાર તરીકે કામ કરી રહી છે, જ્યારે અલ્જેરિયાની કંપની સિપેક્સ આ પ્રોજેક્ટનું સંચાલન કરી રહી છે.

આ પ્રોજેક્ટ હેઠળ અંદાજે ૮૪૪૦ ફૂટની ઊંડાઈ સુધી ખોદકામ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ કૂવામાંથી દરરોજ ૧૩ મિલિયન ક્યુબિક ફૂટ ગેસ અને ૩૨૭ બેરલ કન્ડેન્સેટ(ઓઇલ જેવું પ્રવાહી) મેળવી શકાશે. મંત્રાલયે આ સિદ્ધિને ભારતીય ઊર્જા કંપનીઓના વૈશ્વિક સ્તરે વધી રહેલા પ્રભાવના ઉદાહરણ તરીકે ગણાવી છે.

આ નવી શોધને કારણે ભારતની ઊર્જા સુરક્ષા વધુ મજબૂત થશે અને ભવિષ્યમાં દેશની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ મળશે. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ પણ આ મોટી સફળતા બદલ કંપનીઓને અભિનંદન આપ્યા છે.

અકસ્માત થતા જ AI સિસ્ટમ એમ્બ્યુલન્સ બોલાવશે

ભારતનો સૌથી મોટો ડિજિટલ હાઈવે બનશે ગંગા એક્સપ્રેસ વે

એન્જિનિયરોએ આ પ્રોજેક્ટમાં ગ્રીન ટેકનોલોજીનો ઉપયોગ કરીને એક મિસાલ કાયમ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૮



યુપીમાં આર્થિક ક્રાંતિ લાવવા જઈ રહેલો આ એક્સપ્રેસવે એન્જિનિયરિંગની અદભૂત નમૂનો છે. જેમાં લાખો ટન કચરાનો ઉપયોગ કરીને પર્યાવરણને બચાવવાનો પ્રયાસ થયો છે, તો બીજી તરફ તે ડિજિટલ નેટવર્કથી પણ સજ્જ છે.

ગંગા એક્સપ્રેસવેની સાથે ૨ મીટર પહોળો યુટિલિટી કોરિડોર બનાવવામાં આવ્યો છે. આ કોરિડોરને કારણે ભવિષ્યમાં ઈન્ટરનેટ કેબલ કે ગેસ પાઈપલાઈન નાખવા માટે ક્યારેય રસ્તાને ખોદવો નહીં પડે. આ ઉપરાંત અહીં બિછાવવામાં આવેલા ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કથી ઉત્તર પ્રદેશના ૫૧૯ ગામોને હાઈસ્પીડ 5G કનેક્ટિવિટી મળશે. જ્યારે PM ઉર્જા ગંગા પરિયોજના હેઠળ હાઈવેની સાથે ગેસ પાઈપલાઈન પણ પસાર થશે, જે નજીકના ઉદ્યોગો અને ગામોને સસ્તું ઈંધણ પૂરું પાડશે.આ એક્સપ્રેસવે પર સુરક્ષા માટે સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (STMS) લગાવવામાં આવી છે, જે વોર રૂમ જેવા કંટ્રોલ રૂમથી સંચાલિત થશે. જો કોઈ વાહન ખોટી દિશામાં વળશે કે અકસ્માત થશે, તો છેં તરત જ કંટ્રોલ રૂમમાં રેડ એલર્ટ મોકલશે. જો કોઈ ગાડી ૨ મિનિટથી વધુ સમય માટે હાઈવે પર ઉભી રહેશે, તો AI તેનું લોકેશન નજીકના પેટ્રોલિંગ યુનિટને મોકલી દેશે, જેથી મદદ માટે કોઈએ ફોન કરવાની પણ જરૂર નહીં પડે.

એન્જિનિયરોએ આ પ્રોજેક્ટમાં ગ્રીન ટેકનોલોજીનો ઉપયોગ કરીને એક મિસાલ કાયમ કરી છે. એક્સપ્રેસવેના નિર્માણમાં લગભગ ૬૫ થી ૭૦ લાખ ટન ફ્લાય એશ (કોલસાની રાખ) નો ઉપયોગ થયો છે. આનાથી પર્યાવરણ પ્રદૂષિત થતું અટક્યું છે અને ૧૨૦ લાખ ઘન મીટર ફળદ્રુપ માટીનો બચાવ થયો છે. આ ઉપરાંત હાઈવેની બંને બાજુ અંદાજે ૧૮ લાખ વૃક્ષો વાવવામાં આવ્યા છે.ગંગા એક્સપ્રેસવે પર માત્ર ૨૪ કલાકમાં ૧૦.૩ કિલોમીટર લાંબો કોંક્રિટ ક્રેશ બેરિયર બનાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો છે. આ બેરિયર ૮૦ થી ૧૨૦ કિમીની ઝડપે દોડતા વાહનોની ટક્કર ઝીલવા માટે સક્ષમ છે, જે મુસાફરોની સુરક્ષામાં વધારો કરશે.

પંજાબના પટિયાલામાં રેલવે ટ્રેક પર પ્રચંડ બ્લાસ્ટ

એક યુવકની લાશ મળી, તંત્રમાં દોડધામ : અગાઉ જાન્યુઆરીમાં પણ ફતેહગઢ સાહિબ જિલ્લાના સરહિંદમાં ફ્રેટ કોરિડોરના ટ્રેક પર આવો જ એક વિસ્ફોટ થયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

પટિયાલા, તા.૨૮

પંજાબના પટિયાલામાં સોમવારે મોડી રાત્રે શંભૂ-અંબાલા રેલ ટ્રેક પાસે થયેલા એક શક્તિશાળી ધડાકાએ સુરક્ષા એજન્સીઓને દોડતી કરી દીધી છે. રાત્રે અંદાજે ૧૦ વાગ્યે માલગાડીઓ માટેના અનામત ટ્રેક પાસે આ વિસ્ફોટ થયો હતો, જેમાં રેલવે ટ્રેકને નુકસાન પહોંચ્યું છે.

ઘટનાની ગંભીરતા જોતા પટિયાલાના એસએસપી વરૂણ શર્મા સહિતના ઉચ્ચ અધિકારીઓ, જીઆરપી અને આરપીએફની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આ એક ઓછી તીવ્રતાનો બ્લાસ્ટ હતો, જેની ફોરેન્સિક ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

આ ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, જે જગ્યાએ ધડાકો થયો હતો તેની નજીકથી જ એક અજ્ઞાત વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. જોકે, આ વ્યક્તિનું મોત ધડાકાને કારણે થયું છે કે અન્ય કોઈ કારણોસર, તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પોલીસ અત્યારે આ મૃતદેહ અને ધડાકા વચ્ચેના સંબંધની તપાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ જાન્યુઆરીમાં પણ ફતેહગઢ સાહિબ જિલ્લાના સરહિંદમાં ફ્રેટ કોરિડોરના ટ્રેક પર આવો જ એક વિસ્ફોટ થયો હતો, જેમાં ટ્રેનનું એન્જિન ક્ષતિગ્રસ્ત થયું હતું. રેલવે ટ્રેક પર વારંવાર થઈ રહેલા આવા ધડાકાઓને કારણે સુરક્ષા વ્યવસ્થા સામે અનેક સવાલો ઊભા થયા છે.

આંધ્રના વિશાખાપટ્ટનમમાં અદાણી ગ્રુપ એજકોનેક્સ સાથે યુએસડોલર ૧૦ બિલિયનના

રોકાણ સાથે ૧ ગીગાવોટ ક્ષમતાનું AI-તૈયાર ડેટા સેન્ટર પ્લેટફોર્મ વિકસાવશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

અમદાવાદ, તા.૨૮

ભારતના વિકાસના આગામી તબક્કાને ટેકો આપવા માટે એક વિશાળ સ્તર પર ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે સમૂહની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરતા આશરે યુએસ ડોલર ૧૦ બિલિયનના રોકાણ સાથે અદાણી સમૂહ દ્વારા એજકોનેકસના સહયોગમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ૧ ગીગાવોટ ક્ષમતા ધરાવતા AI-તૈયાર ડેટા સેન્ટર પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

મુખ્ય આંતર માળખાના હિસ્સેદાર તરીકે અદાણી કોનેક્સ એક મજબૂત અને સંકલિત ઊર્જા ઈકોસિસ્ટમ દ્વારા સમર્થિત સ્કેલેબલ, AI-તૈયાર ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યું છે. અદાણી સમૂહની ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ક્ષમતાઓને ઉપયોગમાં લઈ આ પ્લેટફોર્મ ઉચ્ચ-ઘનતા AI અને ક્લાઉડ વર્કલોડની માંગને પહોંચી વળવા માટે વિશ્વસનીય, ટકાઉ અને લાંબા ગાળાની વીજળીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે.

આ પ્રકલ્પનો તબક્કાવાર વિકાસ અતિ ઉંચી માંગ સાથે સંરેખિત છે, જે ઊર્જા-સુરક્ષિત ભવિષ્ય માટે તૈયાર ઈકોસિસ્ટમ નિર્માણ કરી ડિજિટલ સેવાઓના વિકાસને સક્ષમ અને સાહસિક નવા આયામોને આધાર આપી ભારતની AI મહત્વાકાંક્ષાઓને મજબૂત બનાવે છે.

આ પ્રકલ્પનો વિકાસ માળખાગત સુવિધાઓ ઉપરાંત આંધ્રપ્રદેશના આર્થિક અને ઈકોસિસ્ટમ વિકાસમાં યોગદાન આપવા સાથે રાજ્યને વૈશ્વિક ડિજિટલ લેન્ડસ્કેપમાં એક મુખ્ય કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરશે અને ભારતના વ્યાપક ડિજિટલ અને ઊર્જા સંક્રમણને ટેકો આપશે તેવી અપેક્ષા છે.

આગામી દાયકામાં અદાણી સમૂહની ભારતના AI, ઊર્જા અને ડિજિટલ માળખાગત સુવિધાની કરોડરજ્જુ તરીકેની ભૂમિકા અદા કરી શકે તેવા પ્રકારનું નિર્માણ કરવા માટે યુએસ ડોલર ૧૦૦ બિલિયનનું રોકાણ કરવાના અદાણીના વિરાટ સંકલ્પનો આ પ્રકલ્પ એક ભાગ છે.

અમેરિકાનો વિરોધ નિષ્ફળ

UNમાં ઈરાનને મળી મોટી જવાબદારી, પરમાણુ મુદ્દે જામ્યું વાક્‌યુદ્ધ

તેહરાનના પરમાણુ કાર્યક્રમ અને NPT સમીક્ષા સંમેલનના ઉપાધ્યક્ષ તરીકે ઈરાનની પસંદગી થતા અમેરિકાએ આકરો વિરોધ નોંધાવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૮

સંયુક્ત રાષ્ટ્રમાં સોમવારે પરમાણુ કાર્યક્રમ અને પરમાણુ અપ્રસાર સંધિ (NPT) મામલે ઈરાન અને અમેરિકાના અધિકારીઓ સામસામે આવી ગયા હતા. તેહરાનના પરમાણુ કાર્યક્રમ અને NPT સમીક્ષા સંમેલનના ઉપાધ્યક્ષ તરીકે ઈરાનની પસંદગી થતા અમેરિકાએ આકરો વિરોધ નોંધાવ્યો હતો. જેના કારણે બંને પક્ષો વચ્ચે તીખી શાબ્દિક ટપાટપી જોવા મળી હતી.

અમેરિકી હથિયાર નિયંત્રણ બ્યુરોના સહાયક સચિવ ક્રિસ્ટોફર યૉએ ઈરાન પર પ્રહારો કરતા કહ્યું કે, ઈરાને પોતાની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, ઈરાન આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) ને સહયોગ આપવામાં નિષ્ફળ રહ્યું છે. આવા મહત્વના પદ પર ઈરાનની નિમણૂક કરવી એ એક અપમાન સમાન છે.

અમેરિકાના દાવાઓને પાયાવિહોણા ગણાવતા IAEA માં ઈરાનના રાજદૂત રેઝા નજફીએ વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે, અમેરિકાના આક્ષેપો રાજકીય રીતે પ્રેરિત છે. પરમાણુ હથિયારોનો ઉપયોગ કરનાર દુનિયાનો એકમાત્ર દેશ હોવાને નાતે, અમેરિકાએ બીજા દેશો પર ચુકાદો આપવો જોઈએ નહીં.

આ વિવાદ વચ્ચે ઈરાને અમેરિકા સામે એક શરત મૂકી છે કે જો તેના પરના આર્થિક પ્રતિબંધો હટાવી લેવામાં આવે, તો તે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા તૈયાર છે. આ મામલે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, કોઈ પણ હિંસક સંઘર્ષનો સૈન્ય ઉકેલ હોઈ શકે નહીં. માત્ર શાંતિ વાર્તા અને વાતચીત દ્વારા જ આ જટિલ સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.

નોંધનીય છે કે ૧૯૮૦ થી ઈરાન અને અમેરિકા વચ્ચે કોઈ પણ પ્રકારના સીધા રાજદ્વારી સંબંધો નથી. બંને દેશો એકબીજા સાથે વાત કરવા માટે સંયુક્ત રાષ્ટ્રના મંચનો ઉપયોગ કરે છે. ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને હંમેશા શાંતિપૂર્ણ ગણાવતું આવ્યું છે, જ્યારે અમેરિકાને શંકા છે કે તેહરાન ગુપ્ત રીતે પરમાણુ હથિયારો વિકસાવી રહ્યું છે.

ઈરાન-અમેરિકા તણાવ: પુતિને આપ્યો ઈરાનને સાથ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૮

આ મુલાકાત દરમિયાન પુતિને ઈરાનને દરેક રીતે સાથ આપવાનો ભરોસો આપ્યો છે. રશિયાનું સમર્થન મળતા જ ઈરાનના તેવર બદલાયા છે અને અરાઘચીએ અમેરિકા પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, અમેરિકા ઈરાન સામેના યુદ્ધમાં ખરાબ રીતે નિષ્ફળ ગયું છે. એટલું જ નહીં, તેમણે એવો દાવો પણ કર્યો કે હવે ડોનાલ્ડ ટ્રમ્પ પોતે ઈરાન સાથે વાતચીત કરવા માટે આજીજી કરી રહ્યા છે. અરાઘચીએ રશિયાને વિશ્વની સાચી મહાશક્તિ ગણાવી બંને દેશો વચ્ચેની વ્યૂહનીતિને વધુ મજબૂત કરવાની વાત પર ભાર મૂક્યો છે.

અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ મંત્રણા હાલમાં ખોરવાઈ ગઈ છે, જેના માટે અરાઘચીએ ટ્રમ્પ સરકારની અયોગ્ય શરતોને જવાબદાર ગણાવી છે. ઈરાને પાકિસ્તાન દ્વારા અમેરિકાને એક લેખિત પત્ર મોકલ્યો છે, જેમાં પરમાણુ કાર્યક્રમ અને હોર્મુઝ સ્ટ્રેટ અંગે પોતાની અંતિમ શરતો (રેડ લાઈન્સ) સ્પષ્ટ કરી દીધી છે. ઈરાને યુદ્ધ રોકવા માટે એક નવો પ્રસ્તાવ પણ મૂક્યો છે, જે મુજબ હોર્મુઝ સ્ટ્રેટનો દરિયાઈ માર્ગ ફરીથી ખોલવા અને ત્યાંથી અમેરિકન નૌકાદળની નાકાબંધી હટાવવાની માંગ કરવામાં આવી છે. બીજી તરફ, અમેરિકન પ્રમુખ ટ્રમ્પે તેમના દૂતોની મુલાકાત રદ કરી દીધી છે અને સાફ શબ્દોમાં કહ્યું છે કે જો ઈરાન ખરેખર વાતચીત કરવા માંગતું હોય, તો તે સીધો અમારો સંપર્ક કરી શકે છે. આ સંઘર્ષની સૌથી વધુ આર્થિક અસર ખાડી દેશો પર પડી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે આ દેશોના ઓઈલ અને ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ભારે નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં યુનાઈટેડ આરબ એમિરેટ્સ(UAE)ના પ્રમુખના સલાહકાર અનવર ગરગશે અન્ય ખાડી દેશોની ટીકા કરતા જણાવ્યું છે કે ઈરાન પ્રત્યે તેમનું વલણ ઘણું નબળું રહ્યું છે અને ઈરાનને રોકવાની નીતિ ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે. એક તરફ શાંતિ માટે રાજદ્વારી પ્રયાસો તેજ થયા છે, તો બીજી તરફ લેબેનોન સરહદે ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ છતાં હિંસા ચાલુ રહેતા સ્થિતિ તણાવપૂર્ણ બની રહી છે.

ઈન્ડોનેશિયાના જાકાર્તામાં સ્ટેશને ઊભી ટ્રેન સાથે અથડાઈ સુપરફાસ્ટ એક્સપ્રેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

જકાર્તા, તા.૨૮

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા નજીક આવેલા બેકાસી તિમુર સ્ટેશન પર સોમવારે બે ટ્રેનો વચ્ચે સર્જાયેલા ભીષણ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે અને ડઝનબંધ મુસાફરો ઘાયલ થયા છે.

આ દુર્ઘટના ત્યારે બની જ્યારે 'આર્ગો બ્રોમો એન્ગ્રેક' નામની લાંબા અંતરની ટ્રેને સ્ટેશન પર ઉભેલી એક ટ્રેનના છેલ્લા ડબ્બાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ટ્રેનનો ડબ્બો સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને અનેક મુસાફરો મલબામાં ફસાઈ ગયા હતા.

રેલવે કંપની પીટી કેરેતા આપિ ઈન્ડોનેશિયાએ ૩૮ મુસાફરોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાની પુષ્ટિ કરી છે, જ્યારે બચાવ દળ હજુ પણ ડબ્બામાં ફસાયેલા અન્ય મુસાફરોને બહાર કાઢવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે.

ચિંતાજનક બાબત એ છે કે, અકસ્માતનો ભોગ બનેલો ટ્રેનનો છેલ્લો ડબ્બો મહિલાઓ માટે અનામત હતો, જેના કારણે સ્ટેશન પર અફરાતફરી અને ચીખ-પુકાર મચી ગઈ હતી. જોકે, અથડાનારી આર્ગો બ્રોમો ટ્રેનમાં સવાર તમામ ૨૪૦ મુસાફરો સુરક્ષિત હોવાના અહેવાલ છે.

જકાર્તા પોલીસ અને રેલવે સત્તાધીશોએ આ મામલે તપાસ શરૂ કરી દીધી છે, જ્યારે સરકારી રેલવે કંપનીએ આ ગંભીર બેદરકારી બદલ લોકોની માફી માંગી છે.

ઈન્ડોનેશિયામાં જૂના રેલ નેટવર્કને કારણે અવારનવાર આવા અકસ્માતો સર્જાતા રહે છે. અગાઉ ૨૦૧૦માં પણ આવી જ રીતે બે ટ્રેનો અથડાતા ૩૬ લોકોના મોત થયા હતા અને જાન્યુઆરી ૨૦૨૪માં પણ ટ્રેન દુર્ઘટનામાં ૪ લોકોએ જીવ ગુમાવ્યો હતો, જે ફરી એકવાર રેલવે સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

ટ્રમ્પના અલ્ટિમેટમ બાદ અમેરિકા-ઈરાન ડીલ પર સસ્પેન્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૮

અમેરિકા અને ઈરાન વચ્ચે અત્યારે સીઝફાયર તો અમલમાં છે, પરંતુ બંને દેશો વચ્ચે વાતચીત થશે કે નહીં તેને લઈને ભારે રહસ્ય સર્જાયું છે. શરતોના પુલિંદા એકબીજાને સોંપવાની પ્રક્રિયા વચ્ચે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સુપર એક્ટિવ મોડમાં જોવા મળી રહ્યા છે. છેલ્લા ૪૮ કલાકમાં અરાઘચીની આ ત્રીજી પાકિસ્તાન મુલાકાત છે, જેણે વૈશ્વિક રાજનીતિમાં હલચલ મચાવી દીધી છે. અબ્બાસ અરાઘચીની આ મુલાકાત રશિયા અને ઓમાન સહિતના દેશોની હાઈ-પ્રોફાઈલ બેઠકો બાદ થઈ રહી છે. તેઓ રશિયાના પ્રવાસેથી પરત ફર્યા બાદ સીધા પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ પહોંચ્યા છે. નિષ્ણાતો માને છે કે, પાકિસ્તાન આ વિવાદમાં મધ્યસ્થી તરીકે મોટી ભૂમિકા ભજવી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

અરાઘચીનો આ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનની હોર્મુઝ વાળી શરતથી નાખુશ છે. ઈરાને પ્રસ્તાવ મૂક્યો છે કે જો અમેરિકા તેના પરના આર્થિક પ્રતિબંધો હટાવી લે, તો તે હોર્મુઝ સ્ટ્રેટથી જહાજોની અવરજવર સામાન્ય કરી દેશે. ટ્રમ્પ પ્રશાસને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે તેમને આ શરત મંજૂર નથી.

યુએન (UN) ના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે પણ ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા અપીલ કરી છે. તેમણે ટકોર કરી છે કે, આ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ પર કોઈ પણ પ્રકારનો ટોલ વસૂલવો જોઈએ નહીં કે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવો જોઈએ નહીં.

ટ્રમ્પની નારાજગી અને યુએન (UN) ની કડક ટકોર બાદ અરાઘચીની ઈસ્લામાબાદ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. રાજદ્વારી વર્તુળોમાં એવી ચર્ચા છે કે અરાઘચી પાકિસ્તાન મારફતે અમેરિકાને કોઈ નવો અને નરમ પ્રસ્તાવ મોકલી શકે છે, જેથી વાતચીતનો રસ્તો ખુલ્લો થાય. જોકે, ઈરાન તરફથી હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.



સર્વિસ પ્રોવાઈડર દ્વારા કાનૂની કાર્યવાહી

આવારાપન-ટુનાં થાઈલેન્ડ શૂટિંગનું પેમેન્ટ બાકી રહેતાં વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ઈમરાન હાશ્મી અને દિશા પટણીની 'આવારાપન ટુ' નાં થાઈલેન્ડમાં શૂટિંગ વખતે કેટલાક સર્વિસ પ્રોવાઈડરને પેમેન્ટ નહિ થયું હોવા મુદ્દે કાનૂની વિવાદ થયો છે.

એક સર્વિસ પ્રોવાઈડરે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવ્યું છે તેમ આ મુદ્દે પોતે કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. તેમના દાવા અનુસાર થાઈલેન્ડ કોર્ટે આ મુદ્દે એરેસ્ટ વોરન્ટ પણ જારી કર્યું છે. હવે આ સર્વિસ પ્રોવાઈડર પોતાને પેમેન્ટ ન મળે ત્યાં સુધી આ ફિલ્મની રીલિઝ અટકાવી શકાય કે કેમ તેવા વિકલ્પ તપાસે છે. જોકે, ફિલ્મ નિર્માતાઓ દ્વારા આ સર્વિસ પ્રોવાઈડરના દાવા વિશે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે, આ ફિલ્મ આગામી ઓગસ્ટમાં રીલિઝ થવાની છે.

રિચા હવે એક ક્રાઈમ થ્રિલર સીરિઝમાં જોવા મળશે

ગ્લેમર છોડીને જાણીતી બોલીવૂડ એક્ટ્રેસે પકડ્યો જાસુસીનો રસ્તો?

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા અને માનીતા ડિરેક્ટર સંજય લીલા ભણસાલીની લોકપ્રિય વેબ સિરીઝ 'હીરામંડી'માં લાજ્જોના પાત્રથી વાહવાહી મેળવ્યા બાદ બોલીવૂડ એક્ટ્રેસ રિચા ચઢ્ઢા હવે એક સાવ અલગ અવતારમાં પડદા પર પરત ફરી રહી છે. રિચાના અભિનયમાં જે ધાર જોવા મળે છે, તે હવે એક ક્રાઈમ થ્રિલર સીરિઝમાં જોવા મળશે, જેણે અત્યારથી જ ચાહકોમાં ઉત્તેજના વધારી દીધી છે.

બોલીવૂડ એક્ટ્રેસ રિચા ચઢ્ઢાએ હાલમાં મધરહૂડનો અહેસાસ માણી રહી છે અને એમાં પણ ફેમસ વેબસિરીઝ 'હીરામંડી'ની સફળતા બાદ રિચા ચઢ્ઢા કંઈક નવું અને પડકારજનક કરવા માંગતી હતી, જે હવે આ જાસૂસી પાત્ર દ્વારા પૂર્ણ થવા જઈ રહ્યું છે.

બોલીવૂડ એક્ટ્રેસ રિચા ચઢ્ઢા હાલમાં એક મોટા અને જાણીતા ઓટીટી પ્લેટફોર્મની ક્રાઈમ થ્રિલર સીરિઝમાં જાસૂસ ની ભૂમિકામાં જોવા મળશે. મળતી માહિતી અનુસાર આ રોલમાં રિચા એક શાંત, સમજદાર અને ગંભીર વિચાર ધરાવતી મહિલા તરીકે દેખાશે, જે તેના અગાઉના બોલ્ડ પાત્રો કરતા તદ્દન અલગ હશે.

આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર આ સીરિઝનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે અને તેની વાર્તા જટિલ ગુનાખોરી અને તેની તપાસની આસપાસ વણાયેલી છે. ફેન્સ આ સમાચાર સાંભળીને એકદમ આનંદમાં આવી ગયા છે. લાંબા સમય બાદ પોતાની ફેવરેટ સ્ટારને મોટા પડદા પર જોવા માટે તેઓ ખૂબ જ ઉત્સુક છે.

વાત કરીએ રિચાના વર્કફ્રન્ટની તો ૨૦૦૮માં 'ઓય લકી! લકી ઓય!' થી કરિયરની શરૂઆત કરનાર રિચાને ૨૦૧૨માં 'ગેંગ્સ ઓફ વાસેપુર'થી અસલી ઓળખ મળી હતી. આ સિવાય વેબ સિરીઝ 'હીરામંડી'માં તેણે પોતાની એક્ટિંગથી એ સાબિત કરી દીધું કે તે ભલે ગમે તેટલા નાના રોલમાં હોય, પણ પોતાની મજબૂત છાપ છોડી જાય છે. હવે આ નવો રોલ તેના કરિયરમાં એક નવો માઈલસ્ટોન સાબિત થઈ શકે છે.

ફિલ્મોમાં વિલન તરીકે પડતી હતી ધાક!

બોલિવૂડના પીઢ અભિનેતા ભરત કપૂરનું ૮૦ વર્ષની વયે નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

હિન્દી સિનેમા જગત માટે માઠા સમાચાર સામે આવ્યા છે. જાણીતા પીઢ અભિનેતા ભરત કપૂરનું સોમવારે 80 વર્ષની વયે નિધન થયું છે. અહેવાલો અનુસાર, તેઓ છેલ્લા ચાર દિવસથી બીમાર હતા અને મુંબઈની સાયન હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. જોકે, તેમના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી.

ફિલ્મ નિર્માતા અશોક પંડિતે સોશિયલ મીડિયા પર આ દુ:ખદ સમાચારની પુષ્ટિ કરતા શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમણે ભરત કપૂર સાથેના જૂના સંસ્મરણો તાજા કરતા તેમને એક શ્રેષ્ઠ માણસ ગણાવ્યા હતા. ભરત કપૂરના અંતિમ સંસ્કાર સોમવારે સાયન હોસ્પિટલ પાસેના સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાકેશ બેદી, ડાયરેક્ટર રમેશ કુમાર અને કુલદીપ સિંહ સહિત મર્યાદિત સંખ્યામાં નજીકના સંબંધીઓ અને થિયેટર ગ્રુપ IPTAના સભ્યો હાજર રહ્યા હતા. તેમની પ્રાર્થના સભા આગામી 30 એપ્રિલના રોજ સાંજે 5થી 7 વાગ્યા દરમિયાન સાયન વિસ્તારમાં આવેલી નોર્થ બોમ્બે એસોસિએશન(પંજાબ એસોસિએશન) ખાતે યોજાશે. ભરત કપૂર હિન્દી મનોરંજન જગતનું એક ખૂબ જ જાણીતું નામ હતું. અંદાજે ચાર દાયકા લાંબી પોતાની કારકિર્દીમાં તેમણે ફિલ્મો અને ટેલિવિઝન બંને ક્ષેત્રે પોતાની અમીટ છાપ છોડી છે. 1970, 80 અને 90ના દાયકામાં તેઓ સતત મોટા પડદા અને ટીવી સિરિયલોમાં સક્રિય રહ્યા હતા. તેમણે 'નૂરી', 'રામ બલરામ', 'લવ સ્ટોરી', 'બજાર', 'ગુલામી', 'આખરી રાસ્તા', 'સત્યમેવ જયતે', 'સ્વર્ગ', 'ખુદા ગવાહ' અને 'રંગ' જેવી અનેક નોંધપાત્ર ફિલ્મોમાં મહત્ત્વની ભૂમિકાઓ ભજવી હતી. છેલ્લે તેઓ 2004માં 'મીનાક્ષી: એ ટેલ ઓફ થ્રી સીટીઝ'માં જોવા મળ્યા હતા.

ફિલ્મોની સાથે સાથે ટેલિવિઝન દુનિયામાં પણ તેમનો દબદબો રહ્યો હતો. તેમણે 'કેમ્પસ', 'પરંપરા', 'રાહત', 'સાંસ', 'અમાનત', 'ભાગ્યવિધાતા', 'તારા', 'ચુનૌતી' અને 'કહાની ચંદ્રકાંતા કી' જેવા લોકપ્રિય ટીવી શોમાં કામ કર્યું હતું. ભરત કપૂર તેમની વૈવિધ્યસભર ભૂમિકાઓ માટે જાણીતા હતા, જેમાં તેમણે ખલનાયકથી લઈને સહાયક અભિનેતા સુધીના યાદગાર પાત્રો ભજવ્યા હતા. તેમના નિધનથી ફિલ્મ ઉદ્યોગમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને સોશિયલ મીડિયા પર ચાહકો તેમજ કલાકારો તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

'સરકે ચુનરી' વિવાદમાં ૫૦ બાળકીઓના શિક્ષણની જવાબદારી સંજય દત્તે સ્વીકારી

સંજય દત્ત અને નોરાનું આઈટમ સોંગ્સ અને ગીલના શબ્દો સમાજ અને મહિલાઓ માટે શરમજનક હોવાની રાષ્ટ્રીય મહિલા આયોગને અનેક ફરિયાદો મળી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલીવૂડ સુપરસ્ટાર સંજય દત્ત અને અભિનેત્રી નોરા ફતેહીનું આઈટમ સોન્ગ 'સરકે ચુનરી તેરી'માં વાંધાજનક શબ્દોનો ઉપયોગ કરાયો હોવાની અને મહિલાઓની ગરિમાને ઠેસ પહોંચાડવાની અનેક ફરિયાદો થયા બાદ આજે રાષ્ટ્રીય મહિલા આયોગમાં સુનાવણી હાથ ધરાઈ હતી. આયોગની નોટિસ બાદ સંજય દત્તે આજે દિલ્હી સ્થિત આયોગની ઓફિસમાં હાજર થઈને જવાબ રજૂ કર્યો હતો. આ દરમિયાન તેણે માફી માંગવાની સાથે મોટો નિર્ણય પણ લીધો છે.

સંજય દત્ત અને નોરાનું આઈટમ સોંગ્સ અને ગીલના શબ્દો સમાજ અને મહિલાઓ માટે શરમજનક હોવાની રાષ્ટ્રીય મહિલા આયોગને અનેક ફરિયાદો મળી હતી, જેના કારણે આયોગે સંજય દત્તને નોટિસ ફટકારી હતી. સંજય દત્તે આયોગ સમક્ષ હાજર થઈને ઘટનાને ગંભીરતાથી લઈને માફી માંગી છે. આ ઉપરાંત અભિનેતાએ પહેલ કરીને ૫૦ આદિવાસી બાળકીઓના શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાની સંપૂર્ણ જવાબદારી લીધી છે. આયોગે વિવાદાસ્પદ ગીતમાં અશ્લિલતાને લઈને કડક વલણ અપનાવ્યું છે, ત્યારબાદ સંજય દત્તે તપાસમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી છે.

મહિલા આયોગે નોરા ફતેહીને પણ નોટિસ ફટકારી હતી. જોકે અગાઉની સુનાવણીમાં નોરાના બદલે તેના વકીલ હાજર થયા હતા. આયોગે વકીલને નોરાને જ હાજર થવાનો આદેશ આપ્યો હતો. આયોગે સ્પષ્ટ કહ્યું છે કે, નોરાએ જ પેનલ સામે હાજર થવું પડશે અને તે માટે તેને છેલ્લી તક અપાઈ છે. ઉલ્લેનીય છે કે, રાષ્ટ્રીય મહિલા આયોગ એ રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ-૧૯૯૦ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને 'સરકે ચુનર' ગીતમાં અશ્લીલતા અને અભદ્રતાના આરોપો અંગે સબંધિત મીડિયા અહેવાલો પર સ્વતઃ સંજ્ઞાન લીધું હતું. ત્યારબાદ આયોગે આ મામલે અભિનેત્રી નોરા ફતેહી, રકીબ આલમ, અભિનેતા સંજય દત્ત, વેંકટ કે. નારાયણ (નિર્માતા, કેવીએન ગ્રુપ) અને કિરણ કુમાર (નિર્દેશક) ને આયોગ સમક્ષ હાજર થવા માટે સમન્સ પાઠવ્યું હતું.

રાષ્ટ્રીય મહિલા આયોગ તરફથી આ મામલે ૧૯ માર્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ શેર કરતા માહિતી આપી હતી. આયોગનું કહેવું છે કે, પહેલી નજરે જોતા આ ગીત જાતીય રીતે ઉત્તેજક, વાંધાજનક અને ભારતીય દંડ સંહિતા, માહિતી ટેકનોલોજી અધિનિયમ અને પોક્સો કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન પ્રતીત થાય છે, તેથી આયોગે આ બાબતને ગંભીરતાથી લીધી છે.

ઉમરગામ તાલુકામાં કેસરિયો લહેરાયો

તાલુકા-જિલ્લા પંચાયતમાં ભાજપને સ્પષ્ટ બહુમતી પણ સરીગામમાં ભાજપની કારમી હાર અને અપક્ષ પેનલની ઐતિહાસિક જીત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૨૮

ઉમરગામ તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આજ રોજ જાહેર થયેલા પરિણામમાં ભાજપે સમગ્ર તાલુકામાં પોતાની પકડ મજબૂત રાખી બહુમતી હાંસલ કરી છે, જોકે, સરીગામ બેઠક પર ભાજપના ગઢમાં ગાબડું પડ્યું છે. અહીં શ્રી રાકેશભાઈ રાય પ્રેરિત અપક્ષ પેનલે મતદારોના અભૂતપૂર્વ વિશ્વાસ સાથે ભવ્ય વિજય મેળવીને સૌને ચોંકાવી દીધા છે.

મતગણતરીના અંતે સત્તાવાર આંકડા મુજબ : ભારતીય જનતા પાર્ટીને જિલ્લા પંચાયતની ૦૬ બેઠક પર જીત મળી હતી અને અગાઉની ૧ બિનહરીફ વિજેતા બનેલી બેઠક સાથે સાત બેઠક કબજે કરવામાં સફળતા મળી હતી. તેવી જ રીતે તાલુકા પંચાયતની ૨૫ બેઠકો પર જીત થવા પામી છે. જ્યારે શ્રી રાકેશભાઈ રાય પ્રેરિત અપક્ષ પેનલને ૦૧ જિલ્લા પંચાયત (સરીગામ) બેઠક અને ૦૪ તાલુકા પંચાયત બેઠકો પર વિજય પ્રાપ્ત થયો છે અને કોંગ્રેસને માત્ર ૦૧ તાલુકા પંચાયત બેઠક (અંકલાસ) પર સફળતા મળી છે.

અત્રે નોંધનીય છે કે, સરીગામ વિસ્તારમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. શ્રી રાકેશ રાય પ્રેરિત 'યુવા શક્તિ સંગઠન'ની પેનલે સરીગામ જિલ્લા પંચાયતની બેઠક સહિત તાલુકાની ૩ અને સંજાણ બંદરની ૧ બેઠક પર વિજય મેળવ્યો છે. આ જીત બાદ શ્રી રાકેશભાઈ રાયની છબી એક 'વિકાસશીલ પુરુષ' તરીકે ઉભરી આવી છે. તેમણે ભાજપ શાસનમાં જ સરકારી યોજનાઓનો મહત્તમ લાભ સામાન્ય જનતા સુધી પહોંચાડ્યો હોવાથી લોકોએ તેમના પર ભરોસો મૂક્યો છે. શ્રી રાકેશ રાયે જણાવ્યું હતું કે, 'આ લડાઈ કોઈ પક્ષ સામે નહીં પણ ભ્રષ્ટ સિસ્ટમ અને કામચોર અધિકારીઓ સામે હતી.'

બીજી તરફ, સરીગામમાં ભાજપની હાર પાછળ કાર્યકરોનો અહંકાર અને જનસંપર્કનો અભાવ જવાબદાર હોવાનું મનાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપના ઉમેદવારો માત્ર 'કમળ' અને 'મોદી લહેર'ના ભરોસે રહ્યા હતા, જ્યારે શ્રી રાકેશ રાયની પેનલે ગ્રાઉન્ડ લેવલ પર કરેલા કામોએ બાજી પલટી નાખી છે. આ ભવ્ય જીત હાંસલ કર્યા બાદ શ્રી રાકેશભાઈ રાયે સરીગામ અને ભિલાડની જનતા તેમજ મતદાર ભાઈઓ અને સમર્થકો સહિત કાર્યકર્તાઓનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો અને આદિવાસી સહિત જનતાના અધિકાર તેમજ હક અને રક્ષણ માટે શાસક સામે અવાજ બનવાની બાંહેધરી આપી હતી.

ચીખલી તાલુકામાં તાલુકા-જિલ્લા પંચાયતની બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાયો કોંગ્રેસનાં સૂપડાં સાફ

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલના ગઢમાં કોંગ્રેસની કરારી હારઃ કોંગ્રેસ અને આપ પાર્ટીએ કેટલી સીટ પર ગઠબંધન કર્યું હતું એના પણ સુપડા સાફ થઈ ગયા

-તસવીરઃ દિપક સોલંકી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૨૮

ચીખલી તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાતા તાલુકા પંચાયતની ૨૮ બેઠક પૈકી પાંચ બેઠક અને જિલ્લા પંચાયતની આઠ બેઠકો પૈકી ત્રણ બેઠકો ભાજપ પહેલીથી જ બિનહરીફ થઈ હતી. રવિવારના રોજ યોજાયેલ મતદાનમાં ચીખલી તાલુકાનું ૭૩.૪૪ સરેરાશ મતદાન થયું હતું. જ્યારે મંગળવારના રોજ શરૂ થયેલ મત ગણતરીના અંતે ચીખલી તાલુકા પંચાયતની ૨૩ બેઠકો પૈકી ૨૦ બેઠકો અને જિલ્લા પંચાયતની પાંચ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાતા તાલુકા જિલ્લા પંચાયતમાં ફરી એકવાર ભાજપે ભગવો લહેરાવતા ફરી એકવાર કોંગ્રેસે વિપક્ષમાં બેસવાનો વારો આવ્યો છે.

ચીખલી તાલુકા પંચાયતની ૨૮ બેઠકો પૈકી પાંચ બેઠકો અને જિલ્લા પંચાયતની આઠ બેઠકો પૈકી ત્રણ બેઠકો પહેલેથી જ ભાજપ બિનહરીફ તરીકે જાહેર થતાં તાલુકા પંચાયતની ૨૩ બેઠકો અને જિલ્લા પંચાયતની પાંચ બેઠકો માટે રવિવારના રોજ ચૂંટણી યોજાઈ હતી. જેમાં મતગણતરીના દિવસે શરૂઆતથી જ લીડ પ્રાપ્ત કરી છેવટ સુધી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો ઉપર પોતાનું પ્રભૂત્વ જાળવી રાખ્યું હતું. પરિણામના અંતે તાલુકા પંચાયતની ૨૩ બેઠકો પૈકી ૨૦ બેઠકો અને જિલ્લા પંચાયતની પાંચ બેઠકો ઉપર ભાજપે ફરી એકવાર ભગવો લહેરાવ્યો હતો.

જિલ્લા પંચાયતની કુલ આઠ બેઠકોમાંથી ભાજપે આઠે આઠ બેઠક કબજે કરીને ક્લીન સ્વીપ કરતા કેબિનેટ મંત્રી શ્રી નરેશભાઇ પટેલ, ડો.અમિતાબેન પટેલ, શ્રી અશ્વિનભાઇ પટેલ, શ્રી ધર્મેશભાઇ પટેલ-ઘેજ, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી મયંકભાઈ પટેલ, મહામંત્રી શ્રી સમીરભાઇ પટેલ ઉપરાંત કાર્યકરો, ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ફટાકડા ફોડી મીઠાઈ ખવડાવી તાલુકા-જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોને શુભેચ્છા પાઠવી હતી.

ચીખલી તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારોની યાદી : આલીપોર-શ્રી આકાશભાઇ પટેલ ભાજપ ૨૬૩૧ મત, આમધરા-શ્રીમતિ રૂપલબેન પટેલ ભાજપ ૩૨૫૩, બામણવેલ-શ્રીમતિ પદ્માબેન પટેલ ભાજપ ૩૨૬૨, ચાસા-શ્રીમતિ દક્ષાબેન પટેલ ભાજપ ૧૯૨૭, ચીખલી-શ્રી સમીરભાઈ પટેલ ભાજપ (બિનહરીફ), દેગામ-શ્રી નરેશકુમાર પટેલ ભાજપ ૨૭૧૬, ઢોલુમ્બર-શ્રી હિરલકુમાર પટેલ ભાજપ ૨૦૭૯, ફડવેલ-શ્રી હિરેનકુમાર આહિર ભાજપ ૨૫૧૬, ઘેજ- શ્રીમતિ દિપ્તીબેન પટેલ ભાજપ ૩૯૪૪, ગોડથલ-શ્રી મેહુલકુમાર આહિર ભાજપ ૨૯૪૩, કાંગવઈ-શ્રીમતિ રશ્મિબેન પટેલ ભાજપ ૨૪૧૧, ખુંધ- શ્રી જસ્મીનકુમાર સોલંકી ભાજપ ૨૭૫૧, કુકેરી- શ્રીમતિ પિંકલબેન પટેલ ભાજપ ૩૦૧૮, માંડવખડક- શ્રીમતિ ગીતાબેન પટેલ કોંગ્રેસ ૨૨૫૪, નોગામાં- શ્રીમતિ રશ્મિકાબેન પટેલ ભાજપ ૩૧૦૭, પીપલગભણ- શ્રીમતિ જાગૃતિબેન પટેલ ભાજપ (બિનહરીફ), રાનકુવા-શ્રીમતિ ચેતનાબેન પટેલ ભાજપ ૨૮૭૧, રાનવેરી કલ્લા - શ્રીમતિ ભાવનાબેન પટેલ ભાજપ ૨૮૭૭, રૂમલા- શ્રીમતિ ઉર્મિલાબેન પટેલ ભાજપ ૪૮૭૧, સાદડવેલ-શ્રીમતિ પાર્વતીબેન પટેલ ભાજપ ૨૮૨૬, સાદકપોર - શ્રીમતિ અનુમતિબેન પટેલ ભાજપ ૩૨૯૩, સમરોલી-શ્રી મુકુન્દકુમાર પટેલ ભાજપ (બિનહરીફ), સારવણી- શ્રી હિરલકુમાર પટેલ કોંગ્રેસ ૨૯૦૪, સ્યાદા- શ્રી જયદીપભાઈ પટેલ ભાજપ ૨૮૦૪, તલાવચોરા- શ્રી અશોકભાઈ હળપતિ ભાજપ (બિનહરીફ), તેજલાવ- શ્રી તેજસકુમાર પટેલ ભાજપ (બિનહરીફ), વંકાલ - શ્રી ગૌતમભાઈ હળપતિ ભાજપ ૪૯૫૧, વાંઝણા- શ્રી આનંદકુમાર પટેલ કોંગ્રેસ ૨૯૬૭નો સમાવેશ થાય છે.

ચીખલી જિલ્લા પંચાયતની આઠ બેઠકના વિજેતા ઉમેદવાર

ઘેજ શ્રીમતિ અમિતાબેન પટેલ ભાજપ (બિનહરીફ), રૂમલા શ્રી કૌશિકભાઈ પટેલ ભાજપ (બિનહરીફ), સમરોલી શ્રીમતી વાસંતીબેન પટેલ ભાજપ (બિનહરીફ), ખૂંધ શ્રીમતી રમીલાબેન પટેલ ભાજપ ૯૦૯૪, કુકેરી ડો.નેહાબેન પટેલ ભાજપ ૧૧૮૬૨, માંડવખડક શ્રીમતિ ગીતાબેન ગાવીત ભાજપ ૯૧૬૮, સાદકપોર શ્રી કૌશિકચંદ્ર પટેલ ભાજપ ૯૯૯૬, વાંઝણા શ્રી નલીનભાઈ પટેલ ભાજપ ૧૦,૫૦૦નો સમાવેશ થાય છે.

આપ અને કોંગ્રેસની લડાઈમાં ભાજપના ઉમેદવાર જીત્યા

ચીખલી તાલુકામાં તાલુકા પંચાયતની કેટલી બેઠક પર ત્રિપાંખિયો જંગમાં આપ પાર્ટીએ કોંગ્રેસને ઝટકો આપ્યો કે કોંગ્રેસ પાર્ટી એ આપ પાર્ટીને ઝટકો આપ્યો બન્નેની લડાઈમાં ભાજપ કેટલીક બેઠક પર ભગવો લહેરાવ્યો.

વલસાડ જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૨૭ બેઠકો જીતી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ ,તા.૨૮

ઉમરગામ નગરપાલિકામાં ભાજપે ૧૯ બેઠકો જીતતા બહુમતી મેળવી છે, જ્યારે કોંગ્રેસને ૮ બેઠકો અને અપક્ષને ૧ બેઠક મળી છે. આ પરિણામથી નગરપાલિકામાં ભાજપનો દબદબો સ્પષ્ટ જોવા મળે છે.વલસાડ જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૨૭ બેઠકો જીતીને મજબૂત પકડ સ્થાપી છે. કોંગ્રેસને માત્ર ૨ બેઠકો મળી છે, જ્યારે અપક્ષને ૧ બેઠક પ્રાપ્ત થઈ છે. જિલ્લા સ્તરે ભાજપની આ જીત તેને વધુ સશક્ત બનાવે છે.

જિલ્લાની ૬ તાલુકા પંચાયતોની કુલ ૧૫૦ બેઠકોમાં પણ ભાજપનો જોરદાર પ્રભાવ રહ્યો છે. વલસાડ તાલુકા પંચાયતની ૩૨ બેઠકોમાંથી ભાજપે ૩૧ બેઠકો જીતતા લગભગ સંપૂર્ણ વિજય મેળવ્યો છે, જ્યારે કોંગ્રેસ ખાલીહાથ રહી છે અને અપક્ષને ૧ બેઠક મળી છે.

ધરમપુર તાલુકા પંચાયતમાં ભાજપને ૪ બેઠકો મળી:ધરમપુર તાલુકા પંચાયતમાં ભાજપને ૪ બેઠકો મળી છે, જ્યારે કોંગ્રેસે ૫ બેઠકો જીતીને આગળ રહી છે અને અપક્ષને ૧ બેઠક મળી છે. કપરાડા તાલુકા પંચાયતમાં ભાજપે ૧૧ બેઠકો જીતેલી છે, કોંગ્રેસને ૨ બેઠકો મળી છે. પારડી તાલુકા પંચાયતમાં ભાજપે તમામ ૨૨ બેઠકો જીતીને ક્લીન સ્વીપ કર્યો :પારડી તાલુકા પંચાયતમાં ભાજપે તમામ ૨૨ બેઠકો જીતીને ક્લીન સ્વીપ કર્યો છે, જે પાર્ટી માટે મોટી સિદ્ધિ માનવામાં આવે છે. ઉમરગામ તાલુકા પંચાયતમાં ભાજપે ૧૩ બેઠકો મેળવી છે, જ્યારે કોંગ્રેસને ૧ બેઠક મળી છે. નાનાપોંઢા તાલુકા પંચાયતમાં ભાજપે ૧૪ બેઠકો જીતી છે, કોંગ્રેસને ૨ બેઠકો મળી છે. કુલ મળીને, વલસાડ જિલ્લામાં ભાજપનું પ્રદર્શન ખૂબ જ મજબૂત રહ્યું છે, જ્યારે કેટલીક જગ્યાએ કોંગ્રેસે પણ પોતાની હાજરી નોંધાવી છે.

ભરૂચના ધારાસભ્ય ચૈતર વસાવાએ આદિવાસી યુવાનને માર માર્યાની ઘટનાને વલસાડ સાંસદ ધવલ પટેલે વખોડી

ઝઘડીયા જીઆઈડીસી કંપની બ્લાસ્ટમાં બે યુવાનોના મોતના વળતર અંગે ચૈતર વસાવા કુદી પડતા મામલો મારામારી સુધી પહોંચેલો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૮

ભરૂચ ડેડીયાપાડા 'આપ'ના ધારાસભ્ય ચૈતર વસાવાએ કંપની બ્લાસ્ટમાં બે યુવાનો મોતના મામલે વળતર અંગે કંપનીમાં ઘૂસતા પહેલા મૃતકના પરિવારજનો અને ધારાસભ્ય વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં તેમણે યુવાનને લાફો મારી દીધો હતો. સામે યુવાને પણ ધારાસભ્યને લાફો મારી દેતા મામલો ઉગ્ર બન્યો હતો. જે પ્રત્યાઘાત ગુજરાતભરના આદિવાસી સમાજમાં પડ્યા હતા. આ મુદ્દે વલસાડના સાંસદ ધવલ પટેલે પણ પ્રતિક્રિયા આપી ઘટનાને વખોડી કાઢી હતી.

ઝઘડીયા જીઆઈડીસી સ્થિત કંપનીમાં ગત તા.૨૩ એપ્રિલના રોજ બ્લાસ્ટ થયો હતો. જેમાં ૧૦ કામદારો દાઝ્યા હતા અને બે ના મોત થયા હતા તે પૈકી એક આદિવાસી યુવાન પણ હતો તેથી ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા આદિવાસીના મસીહા બવા આ પ્રકરણમાં કુધ્યા હતા. કંપની ૧૫ લાખ જેટલું વળતર આપવા સહમત હતી પણ ધારાસભ્યએ જશ લેવાની જ પકડેલી કારણ કે તેમનો કથિત રીતે કમિશન લેવાનો ઈરાદો હતો. તો પરિવારજનોના યુવાને વિરોધ કરેલો તેથી ધારાસભ્યએ યુવાનને લાફો મારી દીધો હતો. સામે યુવાને પણ લાફો મારી દીધો હતો. પોલીસે મામલો થાળે પાડ્યો હતો. આ ઘટનાની પ્રતિક્રિયા આપતા સાંસદ ધવલ પટેલે જણાવ્યું હતું કે, યુવાનના પરિવારને ન્યાય અપાવીશુ. હું એક સાંસદ તરીકે નહી પણ આદિવાસી હોવાના નાતે જણાવું છું. સમગ્ર પ્રકરણમાં ધારાસભ્ય ચૈતર વસાવાની છબી ખરડાઈ હતી. સાંસદે વધુમાં જણાવ્યું હતું કે, વસાવા સામે ૧૯ ગુના નોંધાયા છે. શરતી જામીન ઉપર બહાર છે તેથી અન્ય કાનૂની કાર્યવાહી પણ કરવામાં આવશે.

જામનગર મનપાઃ જેલમાંથી ચૂંટણી જીત્યા ગુજસીટોકના ૨ આરોપી

(સંપૂર્ણ સમાચાર સેવા)
જામનગર,તા.૨૮

જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામોએ સૌને ચોંકાવી દીધા છે. એક તરફ ભારતીય જનતા પાર્ટીએ પોતાનું એકચક્રી શાસન જાળવી રાખી પ્રભુત્વ સ્થાપિત કર્યું છે, તો બીજી તરફ વિપક્ષ તરીકે કોંગ્રેસનો લગભગ સફાયો થયો છે. જોકે, આ આખી ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચા વોર્ડ નંબર ૧૨ ના પરિણામોની થઈ રહી છે, જ્યાં જેલવાસ ભોગવી રહેલા બે આરોપીઓએ જીત મેળવીને રાજકીય સમીકરણો બદલી નાખ્યા છે. ચૂંટણી પહેલા કોંગ્રેસે ૬૨ ઉમેદવારો મેદાનમાં ઉતારીને મજબૂત લડત આપવાનો દાવો કર્યો હતો, પરંતુ પરિણામોમાં કોંગ્રેસના ૬૦ ઉમેદવારોની હાર થઈ છે. અગાઉ દોઢ ડઝન જેટલી બેઠકો ધરાવતી કોંગ્રેસ હવે માત્ર ૨ બેઠકો પર સીમિત થઈ ગઈ છે. ખુદ જામનગર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા પણ પોતાની સુરક્ષિત ગણાતી વોર્ડ નંબર ૧ ની બેઠક બચાવી શક્યા નથી.

આ ચૂંટણીમાં સૌથી અજીબ કિસ્સો વોર્ડ નંબર ૧૨ માં જોવા મળ્યો છે. અહીં જનતાએ જેલમાં રહેલા બે એવા ઉમેદવારોને વિજયી બનાવ્યા છે જેમની સામે ગુજસીટોક (GujCTOC) હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

૧ અલ્તાફ ખફી, કોંગ્રેસ ઉમેદવારઃ જેલવાસ ભોગવી રહેલા અલ્તાફ ખફી અને તેમની ગેંગ સામે ચૂંટણી પહેલા જ તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં તેમના ગેરકાયદેસર ફાર્મ હાઉસ અને દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. તેમ છતાં, તેઓ વિજયી બન્યા છે. તેમની સાથે પૂર્વ કોર્પોરેટર સહારાબેન મકવાણા પણ જીત્યા છે.

૨ અસલમ ખિલજી, AAP ઉમેદવારઃ અગાઉ કોંગ્રેસમાં રહેલા અને હવે 'આપ' માંથી ચૂંટણી લડતા અસલમ ખિલજી પણ જેલમાંથી જીતવામાં સફળ રહ્યા છે. તેમની સાથે એડવોકેટ જેનબબેન ખફી એ પણ જીત મેળવી છે.

આમ આદમી પાર્ટીનો ઉદય

લગભગ ૫૦ ઉમેદવારો સાથે મેદાનમાં ઉતરેલી આમ આદમી પાર્ટીએ પણ જામનગરમાં પોતાનું ખાતું ખોલ્યું છે. પક્ષપલટા અને આંતરિક ખેંચતાણ વચ્ચે પણ 'આપ' વોર્ડ નંબર ૧૨ માં ૨ બેઠકો અંકે કરવામાં સફળ રહી છે, જે આગામી સમયમાં નવા રાજકીય વળાંકના સંકેત આપે છે. આ ચૂંટણી પરિણામોએ સાબિત કર્યું છે કે ભાજપનો ગઢ અકબંધ છે, જ્યારે કોંગ્રેસ માટે આ અસ્તિત્વની લડાઈ સમાન છે. જેલમાંથી ચૂંટાઈ આવેલા ઉમેદવારો અને 'આપ' ના પ્રવેશથી જામનગરના રાજકારણમાં હવે નવા સમીકરણો જોવા મળશે.

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

ટેન્ડર સૂચના

દમણના નમોપથ સીફ્રન્ટ પર પ્રીમિયમ હોટેલ/રિસોર્ટના વિકાસ, સંચાલન અને જાળવણી માટે સરકારી જમીનના આઉટસોર્સિંગ આપવા માટે આરએફપી (4th Call)

ટેન્ડર ID : 2026_DAMAN_4709_1

ટેન્ડર નં: 3/140/DT/DNH&DD/Hotel/Namopath/2025-26/176

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 18/05/2026

બિડ ખોલવાની તારીખ : 19/05/2026

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ-૩૯૬૨૧૫

No. IP/DMN/2/5/2026-27/61, Dated: 28/04/2026

U. T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

DIU MUNICIPAL COUNCIL - DIU

NOTICE INVITING TENDER

1. Painting, Colouring & Maintenance of Govt. Primary School & Govt. Middle School (E/M) situated near Kamleshwar Temple, Ghoghla-Diu. (1)

Tender No. : DMC/DIU/CONST/2026-27/118

Start date id submission : 27/04/2026 at 12.00 Hrs

Last date for physical submission : 12/05/2026 at 14:30 Hrs

Bid opening date : 12/05/2026 at 16:00 Hrs

www.diu.gov.in

dmc-diu-dd@nic.in 02875-252126

Chief Officer, Diu Municipal Council, Diu

No. IP/DMN/2/5/2026-27/57, Dated: 28/04/2026

TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર
૩૦/૦૪/૨૦૨૬ ગુરૂવાર સમયઃ સવાર ૮:૦૦ થી બપોરના ૩:૦૦	દલવાડા	૧૧ કેવી દમણ પોલીથ્રેડ એકસપ્રેસ	દમણ પોલીથ્રેડ લિ.
		૧૧ કેવી પીવીડી એકસપ્રેસ	પીવીડી પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રી, માર્સ પેકેજિંગ, રાધા માધવ ઈન્ડસ્ટ્રી, બાંસવારા ઈન્ડસ્ટ્રી, સુપ્રીમ ટ્રેવ્સ ઈન્ડસ્ટ્રી
		૧૧ કેવી પારસ લુબ્રિકન્ટ્સ લિ. એક્સપ્રેસ	પારસ લુબ્રિકન્ટ્સ લિ., યશ પોલી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.
		૧૧ કેવી એન્કરવાડી ફીડર	સુપ્રીમ ઈન્ડસ્ટ્રી એસ્ટેટ, કેસર ઈન્ડસ્ટ્રી એસ્ટેટ
		૧૧ કેવી એનારકોન	સિલ્વર ઈન્ડસ્ટ્રી એસ્ટેટ, કંડોઈ યુનિટ ઈન્ડસ્ટ્રી
		૧૧ કેવી સુઝલોન	દમણ ઈન્ડસ્ટ્રી એસ્ટેટ, કડૈયા ઈન્ડસ્ટ્રી એસ્ટેટ
		૧૧ કેવી અવી ગ્લોબલ એક્સપ્રેસ	અવી ગ્લોબલ પ્લાસ્ટ પ્રા. લિ.
૦૧/૦૫/૨૦૨૬ શુક્રવાર સમયઃ સવાર ૮:૦૦ થી બપોરના ૧:૦૦	ભીમપોર	૧૧ કે.વી. પંચાલ ઈન્ડસ્ટ્રીયલ	નેહુ બાર, પંચાલ ઉદ્યોગ નગર, પટેલ ફળિયા-વાંકડ
		૧૧ કે.વી. જલારામ	પંચાલ ઉદ્યોગનગર
		૧૧ કેવી રોંચ	પંચાલ ઉદ્યોગ એસ્ટેટ ભીમપોર
૦૧/૦૫/૨૦૨૬ શુક્રવાર સમયઃ બપોર ૨:૦૦ થી સાંજનાઃ ૬:૦૦	ભીમપોર	૧૧ કેવી વાંકડ	પંપ હાઉસ-મોતી વાંકડ, નાની વાંકડ, મોતી વાંકડ
		૧૧ કેવી સાંઈ (BH)	પંચાલ ઉદ્યોગ નગર
		૧૧ કેવી પીવીસી-૧	પંચાલ ઉદ્યોગ એસ્ટેટ ભીમપોર
૦૪/૦૫/૨૦૨૬ સોમવાર સમયઃસવાર ૯:૦૦ થી સાંજના ૫:૦૦	મગરવાડા	૧૧ કેવી કંડોઈ ફેબ્રિક ફીડર	કચીગામ ગાર્ડન વિસ્તાર, માહ્યાવંશી ફળિયા, કચ્છ ફળિયા, દેસાઈ ફળિયા, કોલીવાડ, પટેલ ફળિયા, ડુંગરી ફળિયા
		૧૧ કેવી પીજીસીઆઈએલ ફીડર	પાવર ગ્રીડ
૦૬/૦૫/૨૦૨૬ બુધવાર સમયઃ સવાર ૮:૦૦ થી સાંજના ૬:૦૦	દલવાડા	૧૧ કેવી ભારત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ	ભારત ઈન્ડ. એસ્ટેટ, સુપર નીટ ઈન્ડ.
		૧૧ કેવી રાધે	દમણ ઈન્ડ. એસ્ટેટ, કડૈયા, ભારત ઈન્ડ. એસ્ટેટ, દમણ રોટો, એલિટ ઈન્ડસ્ટ્રીઝ
		૧૧ કેવી મરવડ	પીડબલ્યુડી પંપ હાઉસ-મરવડ, પ્રકાશ ફળિયા-દલવાડા, માહ્યાવંશી ફળિયા-મરવડ, એરપોર્ટ રોડ-દલવાડા, પટેલ ફળિયા અને મોટાઘર ફળિયા-મરવડ, સી વ્યૂ અને શિવ શક્તિ બંગ્લોઝ, હોટેલ સિલ્વર સેન્ડ
		૧૧ કેવી પાટલિયા	સુરા ફળિયા, પટેલ ફળિયા, કુંડ ફળિયા, શાળા ફળિયા
		૧૧ કેવી સ્કોટ કૈશા એકસપ્રેસ	સ્કોટ કૈશા ઈન્ડ.
		૧૧ કેવી બાસુકીનાથ	પ્લાસ્ટીબ્લેન્ડ્સ ઈન્ડિયા લિ., મહારાષ્ટ્ર પ્લાસ્ટિક ઈન્ડ.
		૧૧ કેવી કડૈયા	દમણ ઈન્ડ. એસ્ટેટ, ડોરી કડૈયા ગામ
		૧૧ કેવી દેવકા	કડૈયા માછીવાડ, દેવકા તાઈવાડ, દેવકા ભંડારવાડ, માંગેલવાડ ફળિયા, રેતાળ મુખ્ય માર્ગ, કબ્રસ્તાન લક્ષ્મીનગર-દલવાડા, કડૈયા પંચાયત

અસુવિધા બદલ દિલગીર છીએ.

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર ● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

આપની સેવા માં હરહંમેશ હાજર

24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551

connect.torrentpower.com

connect.dnhdd@torrentpower.com

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

વાપી મનપાની ચૂંટણીમાં ભાજપનો જય જયકાર: કોંગ્રેસે આબરૂ બચાવી, આપના સુપડા સાફ

મનપાની પર બેઠકો પૈકી ૩૭ બેઠક ભાજપને ફાળે, કોંગ્રેસને માત્ર ૧૧ બેઠક મળી: વોર્ડ નં. ૧૨ની ૪ બેઠકના અપક્ષ વિજેતાઓએ ભાજપને ટેકો જાહેર કર્યો: જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં ભાજપ અગ્રેસર

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૮

વાપી મહાનગરપાલિકા ચૂંટણીની મતગણતરી આજે મંગળવારે બલીઠા પુરુષ અધ્યાપન મંદિરમાં હાથ ધરાઈ હતી. મત ગણતરીના કલાકોમાં જ પુરી થતાં જ ભાજપના ઉમેદવારો એક પછી એક વોર્ડમાં જીતતા રહ્યા છે. તેમાં વોર્ડ નં.૧ થી ૯ સુધીમાં ભાજપે ક્લીન સ્વીપ મેળવી હતી. જ્યારે વોર્ડ નં.૧૧માં ભાજપને એક સીટ મળી હતી. મનપા ચૂંટણીમાં ભાજપને એક સીટ બીનહરીફ થતાં ૫૧ બેઠકો ઉપર ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૩૭ બેઠકો ઉપર ભાજપ ઉમેદવારો વિજયી બન્યા હતા. વોર્ડ નં.૧૨ના ચારેય અપક્ષ ઉમેદવાર ભાજપમાં જોડાઈ જતા ભાજપનું મનપાનું સંખ્યાબળ ૪૧ સુધી પહોંચી ગયું હતું. વાપી મનપા ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ હતો. ભાજપ, કોંગ્રેસ અને આપના કુલ ૧૨૬ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી. આજે જાહેર થયેલા પરિણામમાં આપના ઉમેદવારના સુપડા સાફ થઈ ગયા હતા. જ્યારે કોંગ્રેસનો વિજય વોર્ડ નં.૧૦ અને ૧૩માં ક્લીન સ્વીપ રહી જ્યારે વોર્ડ નં. ૧૧માં ૪ પૈકી ૩ ઉમેદવારો વિજયી થતા હતા. એટલે કોંગ્રેસનું સંખ્યાબળ ૧૧નું થતાં આબરૂ બચી જવા પામી હતી. પુરુષ અધ્યાપન મંદિરમાં મત ગણતરી પૂર્વે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. પોલીસે રસ્તાઓ બંધ કરીને ચૂસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. વિજેતા ઉમેદવારોને કાર્યકરોએ સત્કાર્યા હતા. ભાજપના ઉમેદવારો વાપી ઝંડાચોકમાં વિજય જશ્ન મનાવી ફટાકડા ફોડ્યા હતા. તો ક્યાંય વિજય શોભાયાત્રાઓ પણ નિકળી હતી.

વાપી મનપામાં ભાજપની જીત સિમિત નહોતી રહી. પરંતુ વલસાડ જિલ્લા પંચાયતમાં ૩૬ પૈકી ૩૧ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો વિજયી બનતા ભાજપે જિલ્લા પંચાયત ઉપર પણ ભાજપનો ભગવો લહેરાયો હતો. સાથે સાથે ૬ તાલુકા પંચાયતોમાં પણ અગ્રેસર રહી હતી. ઉમરગામ પાલિકામાં પણ ભાજપે કબજે કરી હતી. ટૂંકમાં સમગ્ર વલસાડ જિલ્લામાં ભાજપે પ્રચંડ જીત મેળવી મતદારોનો વિશ્વાસ જીત્યો હતો. સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતગણતરી સંપન્ન થઈ હતી. ક્યાંય પણ કોઈ અણબનાવ બન્યો નહોતો. વહીવટીતંત્રી અને પોલીસ વિભાગ શાંતિ સાથે રાહત અનુભવી હતી.

અપક્ષ વિજેતા જીતુભાઈ માહ્યાવંશીના નેતૃત્વમાં

વાપી મહાનગરપાલિકા વોર્ડ નં.૧૨ની વિજેતા અપક્ષ પેનલના ચારેય ઉમેદવારો ભાજપમાં જોડાયા

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૮

વાપી મહાનગરપાલિકા ચૂંટણી મતગણતરી આજે મંગળવારે બલીઠા પુરુષ અધ્યાપન મંદિરમાં હાથ ધરાઈ હતી. ભાજપના ઉમેદવારો વોર્ડ નં.૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ માં સમગ્ર ચાર ઉમેદવારોની પેનલ જીતી હતી. જ્યારે વોર્ડ નં.૧૧માં ભાજપનો એક ઉમેદવાર જીત્યો હતો. જ્યારે કોંગ્રેસ વોર્ડ નં.૧૦ માં પેનલ વોર્ડ નં.૧૧માં ત્રણ બેઠક વોર્ડ નં.૧૩માં પેનલ વિજેતા થઈ હતી. જ્યારે વોર્ડ નં.૧૨માં આખી પેનલમાં ૪ ઉમેદવાર અપક્ષ વિજેતા થયા હતા પરંતુ જીત્યાના કલાકોમાં જ આખી અપક્ષ પેનલ ભાજપમાં જોડાઈ ગઈ હતી.

વોર્ડ નં.૧૨ ચણોદ વિસ્તારમાં અપક્ષ ચૂંટણી લડેલા જીતુભાઈ માહ્યાવંશી સોહેલ પટેલ, અસ્મિતાબેન તથા રેશમાબેન વિજેતા બન્યા હતા. ચારેય અપક્ષ વિજેતા ઉમેદવારો પરિણામના થોડા કલાકોમાં જ નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઓફિસમાં ચારેય ઉમેદવારોએ ભાજપમાં જોડાઈ જતા કનુભાઈએ ખેસ પહેરાવી આવકાર્યા હતા. નોંધનીય છે કે, ચારેય ઉમેદવારોને ભાજપની ટિકિટ મળી નહોતી તેથી અપક્ષ ચૂંટણી લડ્યા હતા પરંતુ મૂળભૂત રીતે તેઓ ભાજપના જુના કાર્યકરો જ હતા.

પારડી તાલુકા પંચાયતની ચૂંટણીમાં ફરી વળ્યું ભાજપનું બુલડોઝર: ૨૨માંથી ૨૨ તાલુકા પંચાયત અને ૪ જિલ્લા પંચાયતની સીટો પર લહેરાયો ભગવો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૮

સમગ્ર ગુજરાતમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો તારીખ ૨૮/૪/૨૦૨૬ના રોજ વહેલી સવારથી જ આવવાના શરૂ થઈ ગયા હતા.

પારડી ડી.સી.ઓ.હાઈસ્કૂલ ખાતે પારડી પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી જી. આર. ગઢવીના માર્ગદર્શન હેઠળ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત અને ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી મત ગણતરી દરમિયાન સવારથી બપોર સુધી ચાલેલ મત ગણતરી દરમિયાન પારડી તાલુકા પંચાયતની ૨૨ અને વલસાડ જિલ્લા પંચાયતની ચાર સીટોનું પરિણામ જાહેર થયું હતું.

જાહેર થયેલ પરિણામો મુજબ પારડી તાલુકા પંચાયતની ૨૨સીટો પૈકી તમામ ૨૨ સીટો પર ભાજપનો ભગવો લહેરાયો હતો. આ ઉપરાંત જિલ્લા પંચાયતની ચાર સીટો પૈકી તમામ ચાર સીટો પર પણ ભાજપે ભાગવો લહેરાવ્યો હતો. એક તરફી પરિણામ જોતા કોંગ્રેસ છાવણીમાં ગમગીની ફેલાઈ ગઈ હતી અને અનેક ઉમેદવારો પરિણામ પહેલા જ સ્થાન થોડી ચાલ્યા ગયા હતા.

ખૂબ જ મોટી સંખ્યામાં હાજર ભાજપ સમર્થકો ભાજપ તરફી પરિણામો આવતા જ 'ભારત માતા કી જય, વંદે માતરમ' જેવા વિવિધ નારાઓ લગાવી જીતેલા પોતાના ઉમેદવારોને હારતોરા પહેરાવી ખુશી મનાવી હતી.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત સરકારમાં નાણા અને શહેરી વિકાસ કેબિનેટ મંત્રી અને પારડીના ધારાસભ્ય એવા શ્રી કનુભાઈ દેસાઈની આગેવાની હેઠળ યોજાયેલા ચૂંટણીમાં તેમણે કરેલા પારડી તાલુકામાં વિકાસના કામો અને કાર્યકરોની દિવસ રાત મહેનતને લઈ આજે ભાજપ ૨૨માંથી ૨૨ સીટો પર વિજય થયો છે.

હવે આગામી દિવસોમાં કોઈ વિરોધ પક્ષ ન હોય ત્યારે સત્તાના નશામાં મદહોશ ન થઈ લોકોને કરેલા વિકાસના કામોના વાયદાઓ યાદ રાખી પારડી તાલુકાના દરેક કામોમાં વિકાસના કામો કરશે એવી મતદારો આશા રાખી રહ્યા છે.

ઉમરગામ પાલિકામાં ફરી ભગવો લહેરાયો: ૨૮માંથી ૧૯ બેઠકો સાથે ભાજપાનો ભવ્ય વિજય

સચિનભાઈ માછી બન્યા ભાજપાની જીતના શિલ્પીકાર જ્યારે ઈશ્વરભાઈ બારી અને ટીનુભાઈ બારી જેવા દિગ્ગજોના ગઢમાં કોંગ્રેસે ગાબડાં પાડતા વોર્ડ નં. ૩ અને ૭ માં ભાજપના સૂપડાં સાફ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૨૮

ઉમરગામ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. ભારતીય જનતા પાર્ટીએ પોતાની સત્તા જાળવી રાખતા ૨૮ માંથી ૧૯ બેઠકો પર જીત મેળવી બહુમતી હાંસલ કરી છે. જોકે, આ જીતની સાથે ભાજપ માટે આત્મમંથનના સંકેતો પણ મળ્યા છે, કારણ કે કોંગ્રેસે મજબૂત લડત આપી ૮ બેઠકો પર કબજો કર્યો છે, જ્યારે ૧ બેઠક અપક્ષના ફાળે ગઈ છે. બેઠકોનું ગણિત જોતા ચૂંટણી પૂર્વે જ ભાજપના ૮ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા, જેનાથી પક્ષને શરૂઆતી મજબૂતી મળી હતી.

આજરોજ જાહેર થયેલા પરિણામની વોર્ડ મુજબ વિગતો જોતા વોર્ડ-૧માં ભાજપની પેનલ ચારે ઉમેદવારનો વિજય થયો છે જેમાં શ્રી જયદીપભાઈ દિલીપભાઈ અકેકર, શ્રીમતિ જયશ્રીબેન અજયભાઈ માછી, શ્રીમતિ વિદિશાબેન સુભાષભાઈ માછી, શ્રી સુશીલકુમાર ભરતિયા

વોર્ડ-૨માં ભાજપના ચારેય ઉમેદવારો અગાઉ જ બિનહરીફ જાહેર થયા હતા

વોર્ડ-૩માં કોંગ્રેસનો પંજો મજબૂત બનતા આખી પેનલના ચારે ઉમેદવાર વિજેતા બન્યા છે જેમાં શ્રીમતિ આરતીબેન ભીખુભાઈ દુબળા, શ્રી જતીનભાઈ પટેલ, શ્રીમતિ ધારાબેન ગજ્જર, શ્રી મનોજભાઈ દુબળાનો સમાવેશ થાય છે.

વોર્ડ-૪માં ૨ બેઠક ઉપર ભાજપના ઉમેદવાર બિનહરીફ બન્યા હતા અને બાકીની ૨ બેઠક ઉપર ભાજપના ઉમેદવાર શ્રી મિતભાઈ વાઘેલા અને શ્રીમતિ વૈભવીબેન માહ્યાવંશીની જીત થવા પામી છે.

વોર્ડ-૫ પાંચમા ભાજપાના બે ઉમેદવાર બિનહરીફ થવા પામ્યા હતા અને બાકીની ૨ બેઠક ઉપર ભાજપના શ્રી યોગેશભાઈ દાંડેકર અને શ્રી રીતેશભાઈ બારી વિજેતા બન્યા છે.

વોર્ડ-૬ માં ભાજપના વિજેતા બનેલા ૩ ઉમેદવારોમાં શ્રીમતિ વાસુમતીબેન પટેલ, શ્રીમતિ પ્રભાબેન દીપકભાઈ સિંગ, શ્રી નટુભાઈ જીવનભાઈ રાઠોડ અને ૧ બેઠક પર અપક્ષ શ્રી સુનિલભાઈ પાર્વેનો વિજય થવા પામ્યા છે.

વોર્ડ ૭માં ભાજપના સૂપડા સાફ થતાં કોંગ્રેસની પેનલના ચારે ઉમેદવાર વિજેતા બન્યા છે. જેમાં શ્રીમતિ કાજલબેન, શ્રી દિપકભાઈ કામડી, શ્રી મનીષાબેન વારલી, શ્રી રેહાન ખાનનો સમાવેશ થાય છે.

આજ રોજ જાહેર થયેલા પાલિકાના ચૂંટણીના પરિણામમાં જીતના 'માસ્ટર માઈન્ડ' શ્રી સચિનભાઈ માછીનો દબદબો વધ્યો છે. જિલ્લા પ્રમુખશ્રી હેમંતભાઈ કંસારા અને ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકરે તેમના પર જે વિશ્વાસ મૂક્યો હતો, તેમાં તેઓ ખરા ઉતર્યા છે. શ્રી સચિનભાઈ માછીને વોર્ડ નં.૧, ૨ અને ૪ની જવાબદારી સોંપાઈ હતી, જેમાં તેમણે પક્ષને ક્લીન સ્વીપ અપાવી છે. અને તેમણે લીધેલા દત્તક વોર્ડ નં.૫માં પણ ભાજપનો ભગવો લહેરાવવામાં સફળતા મેળવી છે, જેના કારણે મોવડી મંડળમાં તેમનું કદ વધ્યું છે.

એક તરફ ભાજપે સત્તા હાંસલ કરી છે, તો બીજી તરફ ગઢ ગણાતા વિસ્તારોમાં હારનો સામનો કરવો પડ્યો છે. ખાસ કરીને વોર્ડ નં.૩, ૬ અને ૭ની જવાબદારી જેમના શિરે હતી. તેવા શ્રી ઈશ્વરભાઈ બારી અને શ્રી ટીનુભાઈ બારી માટે આ પરિણામો આઘાતજનક છે. વોર્ડ નં. ૭ માં સાંસદ શ્રી ધવલભાઈ પટેલે જાહેરસભા કરી હોવા છતાં અને ઈશ્વરભાઈ બારીએ ગલીએ-ગલીએ સ્કૂટર પર પ્રચાર કર્યો હોવા છતાં જનતાએ કોંગ્રેસને પસંદ કરી છે. વોર્ડ નં.૩ અને ૭માં ભાજપના સંપૂર્ણ સફાયાએ પક્ષની અંદરની જૂથબંધી કે રણનીતિની નિષ્ફળતા પર સવાલો ઊભા કર્યા છે. શું આ દિગ્ગજો જનતાની નાડ પારખવામાં નિષ્ફળ રહ્યા? તે હવે પક્ષમાં ચર્ચાનો વિષય બન્યો છે.

અત્રે નોંધનીય છે કે, ઉમરગામ નગરપાલિકા પર ભાજપનો કબજો તો યથાવત રહ્યો છે, પરંતુ કોંગ્રેસના 'પંજા'એ જે રીતે કમબેક કર્યુ છે તે જોતા આગામી સમયમાં રાજકીય સમીકરણો વધુ રસપ્રદ બનશે. શ્રી સચિનભાઇ માછીની સફળતા અને દિગ્ગજોની નિષ્ફળતા પક્ષના ભાવિ માળખામાં મોટા ફેરફાર લાવી શકે છે એવું અનુમાન લગાવાઇ રહ્યું છે.